Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

卐 રજતજયંતિનું વર્ષ 卐

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૯૦

## આ......નં......દિ......ત થા

હે જીવ ! કોઈ બીજાથી તું રાજી થા કે તું કોઈ પરને રાજી કર-એવો તારો સ્વભાવ નથી; તારા આત્માનું અવલંબન કરીને તું પોતે રાજી થા ( એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદરૂપ થા ) એવો તારો સ્વભાવ છે, માટે તારા આત્માની નિજશક્તિને સંભાળીને તું પ્રસન્ન થા ! તારા નિજવૈભવનું અંતરઅવલોકન કરીને તું આનંદિત થા ! 'અહો ! મારો આત્મા આવો પરિપૂર્ણ શક્તિવાળો.....આવા આનંદવાળો ! -એમ આત્માને જાણીને તું રાજી થા......ખુશી થા.....આનંદિત થા !!! જે આત્માને યથાર્થપણે ઓળખે તેને અપૂર્વ આનંદનો અનુભવ થાય જ. માટે આચાર્યદેવ આત્માનો સ્વભાવ દેખાડીને કહે છે કે હે ભવ્ય ! આવા આત્માને જાણીને તું આનંદિત થા !

卐 卐 卐

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી * * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં ૨૪૯૪, માગશર ( લવાજમઃ ચાર રૂપિયા ) વર્ષઃ ૨૫ઃ અંક ૨

શ્રી દિ.જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# કુંદકુંદ-અંજલિ



સમયસારમાં "દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી" -એમ કહીને જેમણે શુદ્ધઆત્મા દેખાડયો, આત્માનો અદ્‌ભુત વૈભવ જેમણે દેખાડયો, એવા મંગલરૂપ મુનિરાજ પ્રભુ કુંદકુંદસ્વામીના 'આચાર્યપદારોહણ' નો દિવસ આ માગશર વદ આઠમે આવી રહ્યો છે. આપણા ગુરુદેવ વગેરે ઉપર, તેમજ ભરતક્ષેત્રના ભવ્ય જીવો ઉપર તેઓશ્રીનો જે ઉપકાર છે તેને યાદ કરીને અતિશય ભક્તિપૂર્વક આપણે સૌ તેમને ભાવભીની અંજલિ અર્પીએ... અને તેઓશ્રીએ દર્શાવેલા શુદ્ધાત્મસ્વરૂપને સાધીએ...



અને હે ગુરુદેવ! આપે કૃપાપૂર્વક સુપ્રભાતની બોણીમાં 'સુખધામ' બતાવ્યું; એના ધ્યાનની ધૂન લગાડી.... અને જે રીતે આત્મલાભ પ્રાપ્ત થાય એવી ઉત્તમ પ્રેરણા આપે બેસતાવર્ષની બોણીમાં આપી....આપની આ બોણી અમને મહાન લાભની દાતાર છે. અમને તો એમ થાય છે કે, જેમ ઋષભદેવના આત્માને ભોગભૂમિમાં સમ્યક્ત્વની પ્રાપ્તિનો કાળ હતો ને મુનિવરોએ ત્યાં આવીને તેમને સમ્યક્ત્વ આપ્યું, તેમ હે ગુરુદેવ! આ વર્ષ તે અમારું આત્મલાભનું વર્ષ છે ને આપ અમને આત્મલાભ આપી રહ્યા છો. સુપ્રભાતમાં આનંદકારી બોણી આપીને આત્મલાભદાતાર એવા હે ગુરુદેવ! આપને પરમ ભક્તિથી વંદન... અભિવંદન.

卐

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા
વર્ષ ૨૫: અંક: ૨

વીર સં. ૨૪૯૪
માગશર

# આનંદમય સુપ્રભાત

આત્મામાં સમ્યગ્જ્ઞાનરૂપી સૂર્ય ઉગે તેને સુપ્રભાત કહેવાય છે.

આત્મા જ્ઞાનસૂર્ય છે; તે ચૈતન્યપ્રકાશ વડે રાગ અને જ્ઞાનનો ભેદ પાડે છે, રાગથી ભિન્ન જ્ઞાનને અનુભવતો ચૈતન્યસૂર્ય પ્રકાશે છે, તે મંગલ પ્રભાત છે.

અનંત ચતુષ્ટયસ્વરૂપ આત્મા છે; જ્ઞાન-દર્શન-આનંદ-વીર્યના બેહદ સ્વભાવથી ભરેલ શુદ્ધ આત્મવસ્તુનો અનુભવ કરતાં જ આત્મા પોતે ચેતના પ્રકાશ વડે પ્રકાશમાન થાય છે. તેમાં રાગાદિ જરાપણ નથી. આવા અનુભવથી આત્મા આનંદરૂપ થાય છે. જુઓ, આ આનંદમય સુપ્રભાત ઊગ્યું. અનાદિથી ન બેસેલું એવું નવું વર્ષ તેને શરૂ થયું.

રે જીવ ! તું જાગ...જાગ...અનાદિથી મોહભાવમાં સૂતો...હવે તો આત્મામાં આવું સુપ્રભાત ઊગાડ...જાગીને તારા શુદ્ધસ્વરૂપને જો તો ખરો; તેમાં રાગાદિ સંસાર છે જ નહીં. પૂર્ણ વસ્તુને પ્રતીતમાં લેતાં સુખમય વર્ષ શરૂ થશે.

સંતો જે અનંત સુખધામને ધ્યાવે છે તે સુખધામ તારામાં છે; તેને તું પ્રતીતમાં લે, ધ્યાનમાં લે. એના ધ્યાનની ધૂન ચડતાં આનંદનો અનુભવ થશે. હું આવા શુદ્ધ આત્માને પ્રણમું છું, રાગ તરફ મારી પરિણતિ નથી ઢળતી, મારી પરિણતિ શુદ્ધ આત્મા તરફ ઢળે છે. -આવી પરિણતિ વડે ચૈતન્યના તેજથી ઝળહળતું આનંદમય પ્રભાત ખીલે છે.

આત્માનો અનુભવ કરવાની ધૂન જગાડ. જગતની બીજી ધૂન મુક એકકોર. અંદર કારણપરમાત્મામાં એકાગ્ર થઈને તેને ધ્યાવતાં સમ્યક્ત્વાદિ નિર્મળકાર્ય પ્રગટી જાય છે, આત્માની ચેતના સ્વરસથી વિકસવા લાગે છે......શક્તિમાં જે હતું તે પર્યાયમાં પ્રગટ થાય છે ને સાદિઅનંત આનંદમય સુપ્રભાત ખીલે છે.

-બેસતા વર્ષના પ્રવચનમાંથી

# ધનતેરસના પ્રવચનમાંથી

( ભાઈશ્રી ત્રિભુવનદાસભાઈના મકાનના વાસ્તુ પ્રસંગે )

આત્મામાં ભેદજ્ઞાનરૂપી અનુભવનો પ્રકાશ કેમ થાય? તેની આ વાત છે. સુખધામ આત્મા છે; તેના આનંદનો અનુભવ ભેદજ્ઞાન વડે થાય છે, તે ભેદજ્ઞાન-પ્રકાશ મંગળ છે. સુખધામ એવા આત્મામાં વાસ કરવો તેનું નામ મોક્ષ.

જ્ઞાન તે 'ભગવાન' છે, ને રાગભાવ તે જ્ઞાનથી ભિન્ન હોવાથી 'અજ્ઞાન' છે. આવા ભેદજ્ઞાનનો વારંવાર તીવ્ર અભ્યાસ કરતાં સ્વસન્મુખ પ્રગટ અનુભવ થાય છે.

સર્વજ્ઞ ભગવંતોએ આ પ્રમાણે આત્મઅનુભવ કર્યો, ને આવો અનુભવ કરવાનું જગતને કહ્યું. આવો અનુભવ કર્યો તેના આત્મામાં આનંદનું વર્ષ બેઠું; ચૈતન્યનું સાચું ધન તેણે પ્રાપ્ત કર્યું.

પ્રભો! તારા આત્મામાંથી અજ્ઞાન-અંધકાર દૂર થાય ને જ્ઞાનના દીવડા પ્રગટે -તેની રીત સંતોએ બતાવી છે. રાગ અને જ્ઞાનની એકતા ન હોવા છતાં અજ્ઞાનથી જ એકતા ભાસે છે. તેમને ભિન્ન અનુભવવાની તારી તાકાત છે, કેમકે તેઓ ભિન્ન છે, ભિન્ન છે તેને ભિન્ન જાણીને અનુભવ કરવો તે સુગમ છે, થઈ શકે છે.

તીર્થંકરદેવે ઇન્દ્રોની સભા વચ્ચે આત્માનું જે સ્વરૂપ ઉપદેશ્યું તે સ્વરૂપ અહીં આચાર્યદેવે ભરતક્ષેત્રના જીવોને સમજાવ્યું છે. જેમ ભરત ચક્રવર્તી ગૂફામાં જવા માટે રત્નનો પ્રકાશ કરે છે, તેમ આ ચૈતન્યગૂફામાં જવા માટે ભેદજ્ઞાનરૂપી રત્નનો પ્રકાશ કર.....તો તને અંદરની ચૈતન્યગૂફામાં મોક્ષનો માર્ગ સ્પષ્ટ દેખાશે.

મોક્ષમાર્ગમાં જતાં આત્માનો સાથીદાર કોણ? આત્માનો સાથીદાર રાગ નથી, આત્માના સાથીદાર તો જ્ઞાન ને આનંદ છે; ભગવાન જ્ઞાન અને આનંદને સાથે લઈને મોક્ષમાં ગયા, રાગને તો અત્યંતપણે છોડયો. માટે એવું ભેદજ્ઞાન કરવું જોઈએ.

જ્ઞાની અને જ્ઞાનાવરણ એ બંને અત્યંત જુદા છે, તેને કર્તાકર્મપણું નથી; જ્ઞાની તો ચૈતન્યમય જીવ, અને જ્ઞાનાવરણ તો અજીવ, તેમને કર્તા-કર્મપણું કેમ હોય?

-અને જ્ઞાનીના જ્ઞાન ને રાગ સાથેય કર્તાકર્મપણાનો સંબંધ નથી. આવું ભેદજ્ઞાન થતાં આત્મામાં જ્ઞાનનો પ્રકાશ પ્રગટયો; અને જ્ઞાનમયભાવપણે પરિણમતા આત્મામાં અનંત પાંખડીવાળા જ્ઞાન-આનંદનાં કમળ ખીલ્યાં, તે હવે કદી બીડાશે નહીં. -ભગવાન પોતાના સ્વધામમાં-સુખધામમાં આવીને વસ્યા.-

**સાદિ અનંત અનંત સમાધિ સુખમાં**

**અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો.**

**આવા સિદ્ધપદરૂપ સ્વઘરમાં આત્મા સદાકાળ બિરાજમાન રહેશે.**

**नमो सिद्धाणं**

**સુખી થવું હોય તેને માટે આ એક જ રસ્તો છે, બાકી તો બધા દુઃખી થવાના રસ્તા છે. ભગવાન જે રસ્તે મોક્ષ પામ્યા તે આ રસ્તો છે. સન્તોએ પોતાના અંતરમાં જોયેલો આ માર્ગ જગતને ઉપદેશ્યો છે કે હે જીવો ! નિઃશંકપણે આ માર્ગે ચાલ્યા આવો. -આત્માને ભગવાન બનાવવાની આ રીત છે. વાહ રે વાહ! વીતરાગી સન્તોએ અંદરમાં પોતાનાં કામ તો કર્યાં ને જગતને પણ તે માર્ગ બતાવીને અલૌકિક ઉપકાર કર્યો છે. જગતના એટલા મહા ભાગ્ય છે.**

# જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય જ છે

## ( જ્ઞાનીની ‘જ્ઞાનચેતના’ નો મહિમા )

**સમયસારકળશ ૬૬-૬૭ ઉપરના પ્રવચનમાંથી.**

જ્ઞાની-સમ્યગ્દ્રષ્ટિને જ્યાં ભેદજ્ઞાન થયું, ચૈતન્યભાવને અને રાગભાવને સ્વાદભેદ જાણીને ભિન્ન જાણ્યા, ત્યાં તે સમ્યગ્દ્રષ્ટિના પરિણામ જ્ઞાનમય જ હોય છે, રાગમય પરિણામ તેને હોતાં નથી.

પ્રશ્નઃ- જ્ઞાનીનેય ચારિત્રમોહ વગેરેના ઉદયથી રાગાદિ વિચિત્ર પરિણામો તો વર્તે છે, છતાં તેના પરિણામ જ્ઞાનમય જ કેમ કહ્યા ?

ઉત્તરઃ- ભાઈ, તે રાગના કાળેય જ્ઞાનીનું જ્ઞાન કાંઈ રાગમય થઈ ગયું નથી, તે તો રાગથી જુદું જ જ્ઞાનસ્વભાવમાં તન્મય વર્તે છે. માટે રાગાદિ છે તે જ્ઞાનીનાં પરિણામ ખરેખર નથી, જ્ઞાનમય ભાવ તે જ જ્ઞાનીનાં પરિણામ છે. રાગના કાળે પણ જ્ઞાની તેને પોતાથી ભિન્નપણે જાણે છે, ને તે વખતના જ્ઞાનને પોતાથી અભિન્ન જાણે છે. માટે જ્ઞાનમયપરિણામ જ જ્ઞાનીને છે. સમ્યક્ત્વ-જ્ઞાન-આનંદ એ બધા શુદ્ધપરિણામો જ્ઞાનમાં સમાય છે, પણ રાગાદિ અશુદ્ધ પરિણામો જ્ઞાનમાં સમાતા નથી.

અજ્ઞાનીને રાગ વખતે રાગથી જુદું જ્ઞાન ભાસતું નથી, એટલે તે તો પોતાને રાગમય જ અનુભવે છે, એટલે તેનો બધો અનુભવ અજ્ઞાનમય છે. આનંદસ્વરૂપ આત્માનું ભાન નથી, વેદન નથી, એટલે અજ્ઞાનમય ભાવને જ તે વેદે છે. આ રીતે અજ્ઞાનીના બધા ભાવો અજ્ઞાનમય છે, ને જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય છે.

રાગાદિથી ભિન્ન પરિણમતો જ્ઞાની તે રાગાદિનો કર્તા કેમ હોય? જ્ઞાનમાં તન્મય પરિણમતો જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે. રાગમાં તન્મય પરિણમતો અજ્ઞાની જ તે રાગાદિનો કર્તા છે. રાગ સાથે એકત્વબુદ્ધિ હોવાને લીધે તેના બધા પરિણામ રાગમય છે એટલે અજ્ઞાનમય છે, રાગથી ભિન્ન જ્ઞાનમય પરિણામ અજ્ઞાનીને હોતા નથી. આ રીતે જ્ઞાની અને અજ્ઞાનીના પરિણમનમાં મોટો તફાવત છે. આ ભેદને જે ઓળખે તેને જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન થઈને જ્ઞાનમય પરિણમન થયા વગર રહે નહીં.

**અજ્ઞાનીને રાગાદિ સાથે એકતારૂપ જે અશુદ્ધચેતના છે તે બંધનું કારણ છે.**

**જ્ઞાનીને રાગથી ભિન્ન પોતાના આનંદસ્વભાવને ચેતનારી જે જ્ઞાનચેતના છે તે મોક્ષનું કારણ છે.**

**આ 'જ્ઞાનચેતના' જ જ્ઞાનીનું લક્ષણ છે. જ્ઞાનચેતના છે તે શુદ્ધઆત્માના અનુભવરૂપ છે. શાસ્ત્રોના જાણપણા ઉપરથી જ્ઞાનચેતનાનું માપ નથી, જ્ઞાનચેતના તો અંતરમાં આત્માના આનંદને ચેતનારી છે. અજ્ઞાનીને શાસ્ત્રોનું જાણપણું હોય તોપણ તેને શુદ્ધાત્માના વેદનરૂપ જ્ઞાનચેતના નથી, તેના બધા પરિણામ (શાસ્ત્રનું જાણપણું પણ) અજ્ઞાનચેતનારૂપ છે. ને જ્ઞાનીને શાસ્ત્રોનું જાણપણું વધતું-ઓછું હો પણ અંદર શુદ્ધઆત્માને દૃષ્ટિમાં લઈને તેનો આત્મા શુદ્ધ જ્ઞાનચેતનારૂપે પરિણમી રહ્યો છે; તે જ્ઞાનચેતનામાં અજ્ઞાનનો અંશ પણ નથી. આવી જ્ઞાનચેતનામય જ્ઞાનીના પરિણામ હોવાથી તેના બધા પરિણામ જ્ઞાનમય છે. રાગ તે ખરેખર જ્ઞાનચેતનાના પરિણામ નથી, તે તો જ્ઞાનચેતનાથી બહાર જ છે.**

**અરે, આવી જ્ઞાનચેતનાને ઓળખે તો તેના અપાર મહિમાની ખબર પડે. સમ્યગ્દૃષ્ટિના બધા પરિણામ જ્ઞાનમય થાય છે. જ્ઞાનીનું જ્ઞાન ક્યારેય રાગમય થતું નથી; એટલે તેના જ્ઞાનપરિણામ કદી બંધનું કારણ થતા નથી. અબંધસ્વરૂપ આત્મસ્વભાવમાં એકપણે પરિણમતું જ્ઞાન બંધનું કારણ કેમ હોય? -ન જ હોય. અને જે અલ્પ રાગાદિ છે તેમાં તો જ્ઞાનની તન્મયતા નથી; તો જેની સાથે તેને તન્મયતા નથી તે બંધભાવોને જ્ઞાનીનાં પરિણામ કેમ કહેવાય? તે બંધપરિણામને ધર્મીની દૃષ્ટિ પોતામાં સ્વીકારતી નથી, તેના જ્ઞાનપરિણામ રાગથી જુદા ને જુદા જ રહે છે. જ્ઞાન અને રાગના સ્વરૂપની આવી ભિન્નતાનો નિર્ણય કરતાં જરૂર ભેદજ્ઞાન થાય છે.**

**અજ્ઞાનીને પર્યાયે પર્યાયે રાગાદિ બંધભાવો સાથે એકત્વબુદ્ધિ છે, એટલે તેના બધા ભાવો અજ્ઞાનમય છે. ભિન્ન જ્ઞાનની તો તેને ખબર નથી. અશુભ કે શુભ બંને ભાવ વખતે અજ્ઞાની પોતાને રાગમય અશુદ્ધ જ દેખે છે, એનાથી જુદું સ્વરૂપ એને ભાસતું નથી. પાપના અશુભ કે પુણ્યના શુભ તે બધા પરિણામો જ્ઞાનમાંથી ઉપજેલા નથી પણ અશુદ્ધજાતિમાંથી જ ઉપજ્યા છે, એટલે તે ભાવો જ્ઞાનમય નથી પણ અજ્ઞાનમય છે, અશુદ્ધ છે. જ્ઞાનીને, શુભ-અશુભ વખતેય તેનાથી જુદી નિર્મળ જ્ઞાનધારા ચાલી રહી છે.**

શુભ કે અશુભ પરિણામ તથા તે સંબંધી બાહ્ય ક્રિયા, તો અજ્ઞાનીને હોય, જ્ઞાનીને પણ હોય, બંનેને એક સરખા જેવું દેખાય, પણ તે જ વખતે અંતરની પરિણામધારામાં બંને વચ્ચે મોટો ફેર છે. જ્ઞાનીનું જ્ઞાન તો તે જ વખતે રાગાદિથી વેગળું રહીને પરિણમે છે, ને અજ્ઞાની રાગાદિમાં તન્મયબુદ્ધિથી વર્તે છે; એટલે જ્ઞાની જ્ઞાનમય પરિણામમાં અબંધપણે વર્તી રહ્યા છે, ને અજ્ઞાની રાગાદિ બંધભાવોમાં વર્તી રહ્યો છે, જ્ઞાન ને રાગની ભિન્નતા લક્ષમાં આવ્યા વગર જ્ઞાની અને અજ્ઞાનીનો આ ફેર સમજાય નહિ. જ્ઞાનીને જે ભેદજ્ઞાન થયું છે તે જ્ઞાન શુભાશુભ વખતેય ખસતું નથી, શુભાશુભમાં તેનું જ્ઞાન ભળી જતું નથી પણ ભિન્ન જ રહે છે. આવી ભિન્નતાનું ભાન તે જ્ઞાનચેતના છે; ને આવી જ્ઞાનચેતના બંધનું કારણ થતી નથી. જ્ઞાનીને જ આવી જ્ઞાનચેતના હોય છે.

નિર્વિકલ્પતા વખતે જ ધર્મીને જ્ઞાનચેતના હોય ને અશુભ કે શુભરાગ વખતે તે જ્ઞાનચેતના ચાલી જાય-એમ નથી. ચૈતન્યસ્વભાવને અવલંબનારી જ્ઞાનચેતના તેને સદાય વર્તે છે. રાગ વખતે તેની ચેતના રાગમય થઈ જતી નથી, પણ રાગથી ભિન્ન શુદ્ધાત્માને ચેતતી થકી તે ચેતના તો ચેતનામય જ રહે છે. માટે જ્ઞાનીને સદાય ચેતનભાવરૂપ પરિણામ વર્તે છે. તે ભાવ બંધનું કારણ નથી, તે અબંધભાવ છે, ને તે મોક્ષનું કારણ છે.

અહો, ચૈતન્યસ્વભાવનો જેને પ્રેમ જામ્યો છે તેનાં પરિણામ તેવી જાતનાં જ હોય છે. દ્રવ્યનો એવો જ શુદ્ધસ્વભાવ છે કે તેના આશ્રયે શુદ્ધતા જ પરિણમે છે, અને રાગાદિમાં તન્મયબુદ્ધિથી અજ્ઞાનીને બધા અશુદ્ધપરિણામ જ થાય છે, તે અજ્ઞાનમય જ છે. જ્ઞાની અને અજ્ઞાનીના પરિણમનમાં આ મોટો ફેર છે. અજ્ઞાની ભિન્નજ્ઞાનને ભૂલીને રાગાદિ બંધભાવના અનુભવમાં જ અટકી જાય છે એટલે તેને બંધન જ થાય છે, શુદ્ધતા જરાય થતી નથી. અને જ્ઞાની તો રાગથી ભિન્ન જ્ઞાનમયભાવમાં પરિણમતો થકો મોક્ષને સાધે છે, તેને બંધન થતું નથી, તેને શુદ્ધતા થતી જાય છે. આ રીતે જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય છે; એવી જ્ઞાનચેતનાનો કોઈ અપાર મહિમા છે કે જે મોક્ષને સાધે છે.

( जय जिनेन्द्र )

# પરમ શાંતિદાતારી અધ્યાત્મભાવના

( લેખાંક-૫૭ ) ( અંક ૨૮૯ થી ચાલુ )

ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામીરચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

**[ વીર સં. ૨૪૮૨, શ્રાવણ સુદ ૧૧ ]**

હવે અભિન્ન ઉપાસનાનું દ્રષ્ટાંત તથા ફળ કહે છે–

उपास्यात्मानमेवात्मा जायते परमोऽथवा
मथित्वात्मानमात्मैव जायतेऽग्निः यथातरुः।। ९८।।

આત્માની ઉપાસનામાં, ભિન્ન ઉપાસના અને અભિન્ન ઉપાસના એમ બે પ્રકાર છે; અર્હંત–સિદ્ધના સ્વરૂપને જાણીને તેવા પોતાના સ્વરૂપને ધ્યાવવું તે ઉપાસના છે; તેમાં અરિહંતની ઉપાસના કહેવી તે ભિન્ન ઉપાસના છે, ને પોતાના સ્વરૂપની ઉપાસના કહેવી તે અભિન્ન ઉપાસના છે. ભિન્ન ઉપાસનાની વાત ૯૭મી ગાથામાં કરી; અને વાંસમાંથી સ્વંય અગ્નિ થાય છે તે દ્રષ્ટાંતે અભિન્ન ઉપાસનાનું સ્વરૂપ આ ગાથામાં સમજાવે છે.

જેમ વાંસનું ઝાડ બહારના બીજા કોઈ સાધન વગર પોતે પોતાની સાથે જ ઘસારા વડે અગ્નિરૂપ થઈ જાય છે; તેમ આત્મા બીજા કોઈના અવલંબન વગર, પોતે પોતામાં જ એકાગ્રતાના મથન વડે પરમાત્મા થઈ જાય છે. જેમ વાંસમાં શક્તિરૂપે અગ્નિ ભરેલો છે, તે વાંસ ઘસારા વડે પોતે વ્યક્ત અગ્નિરૂપ પરિણમી જાય છે; તેમ આત્મામાં પરમાત્મદશા શક્તિરૂપે પડી છે, તે પર્યાયને અંતરમાં એકાગ્ર કરીને સ્વભાવનું મથન કરતાં કરતાં આત્મા પોતે પરમાત્મદશારૂપ પરિણમી જાય છે. આમાં જે ત્રિકાળ શક્તિ છે તે શુદ્ધઉપાદાન છે, ને પૂર્વની મોક્ષમાર્ગરૂપ પર્યાય તે વ્યવહારકારણ છે તેથી તેને નિમિત્ત પણ કહેવાય, ત્રિકાળરૂપ જે શુદ્ધ સ્વભાવ છે તે જ મોક્ષનું પરમાર્થ કારણ છે. તે કારણસ્વરૂપમાં એકાગ્ર થતાં મોક્ષ થાય છે. અહીં તો અભિન્ન ઉપાસના બતાવવી છે, એટલે આત્મા પોતે પોતામાં એકાગ્રતા વડે પોતાની ઉપાસના કરીને પરમાત્મા થઈ જાય છે. જુઓ, આ સીધો સટ મોક્ષનો માર્ગ! આત્માની ઉપાસના તે જ મોક્ષનો સીધો અને અફર માર્ગ છે.

જુઓ, આમાં નિશ્ચય–વ્યવહાર કઈ રીતે આવ્યા ? ત્રિકાળ કારણપરમાત્મા ભૂતાર્થ

હોવાથી તે મોક્ષનું નિશ્ચયકારણ છે, અને મોક્ષમાર્ગરૂપ પર્યાય તો અભૂતાર્થ હોવાથી વ્યવહારકારણ છે. તેમાં નિશ્ચયકારણને શુદ્ધઉપાદાન કહેવાય, ને વ્યવહારકારણને નિમિત્ત કહેવાય. –આ રીતે અધ્યાત્મદ્રષ્ટિમાં સૂક્ષ્મતાથી પોતામાં જ ઉપાદાન–નિમિત્ત છે. “અભિન્ન–ઉપાસના” માં સંયોગની વાત ન આવે, સંયોગ તો ભિન્ન છે.

જેમ વાંસનું ઝાડ પોતે પોતાની ડાળીઓ સાથે જ ઘસાતુ ઘસાતુ અગ્નિરૂપ થઈ જાય છે; તેમ આત્મા પોતે પોતાના ગુણો સાથે ઘસાતો–ઘસાતો, એટલે કે અંતર્મથનવડે પર્યાયને આત્મામાં એકાગ્ર કરતો કરતો, પોતે પરમાત્મા થઈ જાય છે. અંતર્સ્વરૂપમાં લીન થઈને આત્મામાં અભેદતા કરવી તે અભેદ ઉપાસના છે; ને અભેદ ઉપાસના જ મોક્ષનું કારણ છે.

પ્રશ્નઃ– ભિન્ન ઉપાસનાનું ફળ પણ મોક્ષ કહ્યું હતું ?

ઉત્તરઃ– ત્યાં ભિન્ન ઉપાસનામાંથી અભિન્ન ઉપાસનામાં આવી જાય છે–તે પરમાત્મા થાય છે, અરહિંત અને સિદ્ધ ભગવાનનો નિર્ણય કરીને તેવા પોતાના સ્વભાવ તરફ જે વળી ગયો એટલે કે ભિન્ન ઉપાસના છોડીને અભિન્ન ઉપાસનામાં આવી ગયો, તેને પરમાત્મદશા થઈ; ત્યાં નિમિત્તથી તેને ભિન્ન ઉપાસનાનું ફળ કહ્યું.

અહીં તો તેથી પણ સૂક્ષ્મ વાત છે, અહીં તો જે નિશ્ચયમોક્ષમાર્ગરૂપ પર્યાય છે તે પણ મોક્ષનું કારણ વ્યવહારે છે, કેમકે મોક્ષપર્યાય થતાં તે મોક્ષમાર્ગ પર્યાયનો તો વ્યય થઈ જાય છે; તે પોતે કાર્યરૂપે પરિણમતિ નથી માટે તે નિમિત્ત છે; ને ધ્રુવસ્વભાવ સાથે અભેદ થઈને મોક્ષપર્યાયરૂપ કાર્ય થયું છે તેથી તે નિશ્ચયકારણ છે. મોક્ષપર્યાય તે પણ વ્યવહારનયનો વિષય છે. ને અભેદ દ્રવ્ય નિશ્ચયનયનો વિષય છે. તેના જ આશ્રયે મુક્તિ થાય છે.

જુઓ, આ મોક્ષનો રસ્તો કહેવાય છે.

**અપનેકો આપ ભૂલકે હેરાન હો ગયા.**
**અપનેકો આપ જાનકે મુક્તિ હો ગયા.**

અજ્ઞાનથી સંસાર; ને ભેદજ્ઞાનથી મોક્ષ. ભેદજ્ઞાન શું કહેવાય તેની આ વાત છે. ભેદજ્ઞાની પોતાના ચિદાનંદ સ્વભાવને દેહાદિથી ભિન્ન–રાગાદિથી ભિન્ન જાણીને, તેમાં જ એકાગ્રતા વડે મુક્તિ પામે છે. અજ્ઞાની રાગાદિને પોતાનું સ્વરૂપ માનીને તેમાં એકાગ્રતા વડે સંસારમાં રખડે છે.

મોક્ષ માટે કોની ઉપાસના કરવી ? –કે પોતાના આત્માની જ ઉપાસનાવડે મુક્તિ થાય છે. બાહ્ય પદાર્થો તરફના સંકલ્પ–વિકલ્પો છોડીને, પોતે પોતાના આત્મામાં લીન થઈને તેની ઉપાસના કરતાં પરમાત્મદશા પ્રગટી જાય છે. –આમાં પોતે જ ઉપાસક છે ને પોતે જ ઉપાસ્ય છે, –તેથી આ અભિન્ન

ઉપાસના છે. આવી ઉપાસના વિના મુક્તિ નથી. જેમ વાંસના વૃક્ષને અગ્નિરૂપ થવામાં પોતાથી ભિન્ન બીજું સાધન–નિમિત્ત નથી, પોતે પોતામાં જ ઘર્ષણવડે અગ્નિરૂપ થાય છે; તેમ આત્માને પરમાત્મા થવામાં પોતાથી ભિન્ન બીજું સાધન નથી, પોતે પોતામાં જ ઘર્ષણવડે (–નિર્વિકલ્પ લીનતા વડે) પોતાના ધ્યાનથી જ પરમાત્મા થઈ જાય છે. નિજસ્વરૂપને ધ્યાવી ધ્યાવીને જ અનંતા જીવો સિદ્ધપદને પામ્યા છે. અનંતા જીવો આત્માને ધ્યાવીને પરમાત્મા થયા છે, પણ પરને ધ્યાવીને પરમાત્મા નથી થયા.

આત્માનો દ્રવ્યસ્વભાવ ત્રિકાળ મોક્ષસ્વરૂપ છે, ને પર્યાયમાં મોક્ષ નવો પ્રગટે છે; એટલે "દ્રવ્યમોક્ષ" ત્રિકાળ છે, ને તેના આશ્રયે "ભાવ–મોક્ષ" (મુક્તદશા) પ્રગટી જાય છે. શક્તિના ધ્યાનવડે મુક્તિ થાય છે. ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ કાંઈ જુદાજુદા નથી, આત્મા પોતે ધ્યાતા, પોતે જ ધ્યેય અને પોતામાં જ એકાગ્રતારૂપ ધ્યાન, –આવી અભિન્ન આરાધનાનું ફળ મોક્ષ છે. ધ્યાતા અને ધ્યેયનો પણ ત્યાં ભેદ રહેતો નથી; દ્રવ્ય–પર્યાયની એકતા થઇ ત્યાં દ્રવ્ય ધ્યેય અને પર્યાય ધ્યાતા–એવા પણ ભેદ રહેતો નથી. –આવી અભેદ ઉપાસનાવડે આત્મા પરમાત્મા થઈ જાય છે.

જુઓ, ભાઈ! એકવાર આ વાતનો અંતરમાં નિર્ણય તો કરો....જેને માર્ગનો નિર્ણય સાચો હશે તેના નીવેડા આવશે, પણ માર્ગનો જ નિર્ણય નહિ કરે ને વિપરીત માર્ગ માનશે તો અનંતકાળે પણ નીવેડા નહિ આવે. અરે! આવો અવતાર પામીને જીંદગીમાં સત્ય માર્ગના નિર્ણયનો પણ અવકાશ ન લ્યે તો તેણે જીવનમાં શું કર્યું? માર્ગના નિર્ણય વગર તો જીવન વ્યર્થ છે. માટે આત્માના હિત માટે માર્ગનો નિર્ણય કરવો જોઈએ. નિર્ણય કરે તેનું પણ જીવન સફળ છે. જેણે યથાર્થ માર્ગનો આત્મામાં નિર્ણય કરી લીધો છે તે ક્રમેક્રમે તે માર્ગે ચાલીને મુક્તિ પામશે.

આ રીતે આત્મસ્વરૂપની આરાધનાથી જ મુક્તિ થાય છે–માટે તેની જ ભાવના કરવી.

।। ૯૮।।

**અનંત ચૈતન્યવૈભવવાળા આત્માને જેણે જાણ્યો તેણે ચૌદ બ્રહ્માંડના સારને જાણી લીધો. અહા, આત્માને જાણવામાં અંતર્મુખ ઉપયોગનો અનંત પુરુષાર્થ છે; તેમાં તો મોક્ષમાર્ગ આવી જાય છે. સ્વમાં જે સન્મુખ થયો; તેણે પરથી સાચી ભિન્નતા જાણી, એટલે ખરું ભેદજ્ઞાન થયું. આવી દશા હોય તે જીવ ધર્મી છે, -ભલે તે ગૃહસ્થપણામાં હોય.**

# અનુભવનશીલ જીવ પરમ સુખી છે

**( સમયસાર કલશ ૬૯-૭૦ ઉપરના પ્રવચનમાંથી )**

અનુભવશીલ જીવ પરમ સુખી છે. –એવો અનુભવ કેમ પ્રગટે? –તે અહીં બતાવ્યું છે. શુદ્ધ ચૈતન્યવસ્તુમાં તન્મય થતાં અતીન્દ્રિયસુખનો સ્વાદ આવે છે. શાંત–નિર્વિકલ્પ થઈને આવો અનુભવ થાય છે. પણ અશુદ્ધતાના કે શુદ્ધતાના વિકલ્પો કર્યા કરે કે 'હું આવો છું–હું આવો છું' ત્યાં સુધી વિકલ્પના કર્તૃત્વમાં રોકાયેલા તે જીવને ચૈતન્યના સુખનો અનુભવ થતો નથી. અંતર્મુખ નિર્વિકલ્પપરિણામ નથી કરતો ત્યાંસુધી ક્યાંક વિકલ્પના કર્તૃત્વમાં રોકાયેલો છે. વિકલ્પમાં સાચો આત્મા વિષયરૂપ થતો નથી, ઉપયોગ અંતરમાં વળે ત્યારે જ આત્મા યથાર્થસ્વરૂપે વિષયરૂપ થાય છે. ઉપયોગ વિકલ્પમાં અટકે છે ત્યાંસુધી આત્મા લક્ષગત થતો નથી. તેથી કહે છે કે વિકલ્પમાં આકુળતા છે–દુઃખ છે, તેમાં નિર્વિકલ્પ સુખ અનુભવાતું નથી. વસ્તુમાત્રને જ્ઞાનમાં અનુભવતાં વિકલ્પ મટે છે ને પરમસુખ થાય છે.

ધર્મીજીવ કેવા છે? –કે શુદ્ધચેતનામાત્ર જીવસ્વરૂપના અનુભવનશીલ છે. ધર્મીનું આ લક્ષણ બહુ જ ટૂંકુ ને ઘણું જ સારૂં છે. અનુભવમાં ચૈતન્યવસ્તુનો સીધો સ્વાદ આવે છે ત્યાં કોઈ કલ્પના રહેતી નથી, વિકલ્પ રહેતા નથી. ઝીણું કહો કે સરલ કહો–વસ્તુસ્વરૂપ આવું જ છે. ભગવાને જેવો આત્મા જોયો તેવો આત્મા અંતરમાં જોવા આ જીવ જાય ત્યારે ગુણભેદના વિકલ્પો તેને રહેતા નથી; સમરસસ્વરૂપ અતીન્દ્રિય આનંદના વેદનસહિત આત્મા દેખાય છે. વિકલ્પો તે વિષમભાવ છે; વિષમભાવમાં આત્મા દેખાતો નથી, શાંતચિત્તરૂપ સમભાવ (નિર્વિકલ્પભાવ) માં આત્મા સાક્ષાત્ દેખાય છે–અનુભવાય છે. ને આવો અનુભવ કરનારા જીવો જ પરમ સુખી છે. –આમાં વીતરાગભાવરૂપ ધર્મ છે.

ગુણભેદરૂપ વિકલ્પમાં વીતરાગતા નથી, એટલે તેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર નથી; તેમાં તો દુઃખ છે. આંગણે આવીને સ્વરૂપમાં કેમ જવું–તે વાત છે. શુદ્ધચૈતન્ય

વસ્તુમાં તન્મય ઉપયોગ થયો ત્યાં વિકલ્પ છૂટી ગયા ને અભેદ અનુભૂતિ થઈ. –તે વખતે શાંતચિત્ત થયેલો તે જીવ ચૈતન્યના સાક્ષાત્ અમૃતને પીએ છે. –તેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સમાય છે.

એક સત્ત્વને અનેક પ્રકારે કલ્પનામાં લેતાં પક્ષપાત થાય છે–વિકલ્પ થાય છે; તે અનેકરૂપ કલ્પનાથી રહિત થઈને ઉપયોગ જ્યાં એકરૂપ વસ્તુમાં એકાગ્ર થયો ત્યાં શુદ્ધસ્વરૂપ અનુભવાય છે ને નિર્વિકલ્પ શાંતરસ ઉલ્લસે છે. આવો અનુભવ થયો ત્યારે સમ્યગ્દર્શન થયું, ત્યારે પરમાર્થદર્શન થયું ને ત્યારે મોક્ષમાર્ગ ખૂલ્યો. તેથી આવો અનુભવશીલ જીવ પરમ સુખી છે.

અરે, આ આત્માની પોતાની અંદરની વાત, તે કેમ ન સમજાય? પોતાનું જેવું શુદ્ધ સ્વરૂપ છે તેવું જ્યાં લક્ષમાં આવે ત્યાં વિકલ્પ છૂટી જાય છે ને નિર્વિકલ્પ અનુભવમાં અતીન્દ્રિય આનંદ થાય છે. એ આનંદના સ્વાદમાં કોઈ રાગની–વિકલ્પની અપેક્ષા નથી. એ આનંદનો અનુભવ પોતાના સ્વસંવેદન જ્ઞાનમાં પ્રત્યક્ષ છે, ઇન્દ્રિયોનું તેમાં આલંબન નથી, મનના વિકલ્પોની તેમાં અપેક્ષા નથી. આવો અનુભવ તે મહાન સુખ છે.

આત્માનો સ્વભાવ મોહ રહિત છે. તે મોહ રહિત છે–એ વાત સાચી, પણ 'મોહ રહિત છું' એવો તેનો વિકલ્પ તે કાંઈ આત્મા નથી, તે વિકલ્પના પરિણમનમાં ઊભો રહીને આત્મા અનુભવાતો નથી. અકર્તા–અભોક્તાના વિકલ્પોવડે અકર્તા–અભોક્તારૂપ પરિણમન થતું નથી. પણ વિકલ્પથી જુદો પડીને વસ્તુમાં જતાં અકર્તા–અભોક્તારૂપ પરિણમન થઈ જાય છે. વિકલ્પથી જુદો ઉપયોગ અંતરમાં સાક્ષાત્ શુદ્ધાત્માને સંચેતે છે –અનુભવમાં લ્યે છે. આવો અનુભવ તે ધર્મ છે; ને આવો એકક્ષણનો ધર્મ કેવળજ્ઞાનને શીઘ્રપણે બોલાવે છે કે ઝટ આવ!

મોહરહિતના વિકલ્પમાં અટકવું તે પણ મોહ જ છે. તે વિકલ્પમાં અટકેલા જીવને અનુભવરૂપ પરિણમન થતું નથી પણ મોહરૂપ પરિણમન થાય છે. વસ્તુને અનુભવમાં લ્યે તો વિકલ્પ તૂટીને આનંદ અનુભવાય. ભાઇ, શેમાં ઊભો રહીને તારે વસ્તુને અનુભવમાં લેવી છે?–તો એમ અનુભવ નહિ થાય. વિકલ્પમાં વસ્તુ નહિ અનુભવાય; વસ્તુ તો વસ્તુમાં સીધો ઉપયોગ જોડતાં અનુભવાશે. વિકલ્પમાં શુદ્ધ વસ્તુનું પરિણમન

નથી, તેમાં તો રાગનું પરિણમન છે. અંતરમાં ઉપયોગ વળ્યો ને નિર્વિકલ્પ અનુભવ થયો તેમાં શુદ્ધવસ્તુનું પરિણમન છે. વસ્તુમાં ન જાય ને વિકલ્પમાં ઊભો રહે તો અનુભવનો સ્વાદ આવે નહીં, પરમસુખ થાય નહીં ને દુઃખ મટે નહીં. અનુભવીનાં હૃદય બહુ ઊંડા છે.

વિકલ્પોની જાળને 'સ્વેચ્છા' –પોતાની મેળે ઊભી થાય છે એમ કહ્યું છે, એટલે કે વસ્તુમાંથી તે વિકલ્પો ઊઠતા નથી. વસ્તુના વેદનમાં વિકલ્પો નથી. વિકલ્પો વસ્તુનું અવલંબન લેતા નથી. વસ્તુનું અવલંબન લ્યે તો વિકલ્પ તૂટયા વગર રહે નહીં. વસ્તુને જે અનુભવમાં નથી લેતો ને નયપક્ષના વિચાર કર્યા કરે છે તેને વિકલ્પની જાળ આપોઆપ ઊઠયા જ કરે છે, તે વિકલ્પજાળને ભેદીને અંતરના ચૈતન્યસ્વરૂપમાં જે ગુપ્ત થયા તેઓ સમરસમય એક સ્વભાવને અનુભવે છે, શુદ્ધસમયસારને જ ચેતે છે –અનુભવે છે. અનુભવમાં આવા ચૈતન્યપ્રકાશની સ્ફુરણા થતાં વેંત જ વિકલ્પોની ઇન્દ્રજાળ ગુમ થઈ જાય છે, ત્યાં કોઈ વિકલ્પો ઊઠતા નથી.

ચૈતન્યની આવી અનુભૂતિ એ જ જૈનધર્મની મૂળ વસ્તુ છે. આવી અનુભૂતિમાં જ વીતરાગી મોક્ષમાર્ગ સમાય છે; ને આવા અનુભવશીલ જીવ પરમ સુખી છે.

અહા! એ દ્રશ્યો કેવા હશે કે જ્યારે કુંદકુંદસ્વામી ને અમૃતચંદ્રસ્વામી જેવા ધર્મધૂરંધર દિગંબર સન્તો હાથમાં કમંડલ ને મોરપિંછી લઈને આ ભરતભૂમિમાં વિચરતા હશે, ને આવો 'આત્મવૈભવ' જગતના જીવોને દેખાડતા હશે! એ વીતરાગમાર્ગી સન્તો જાણે સિદ્ધપદને ભેગું લઈને ફરતા હતા...એમની પરિણતિ અંતર્મુખ થઈને ક્ષણેક્ષણે સિદ્ધપદને ભેટતી હતી. -આવા મુનિઓએ તીર્થંકરદેવનું શાસન ટકાવ્યું છે.

# અનુભવ કેટલા દિ’ માં થાય ?

**આત્માને અનુભવમાં લેવાનો આ અવસર છે. માટે હે વાલીડા ! આળસ કરીશ મા...પ્રમાદી થઈશ મા.**

અહો, સ્વાનુભૂતિમાં આત્માની પ્રસિદ્ધિ થાય છે. તે મહા આનંદદાયક છે. સન્તોએ પોતાના અનુભવમાં લઈને આવો આત્મા પ્રસિદ્ધ કર્યો છે, અને વાણીદ્વારા જગતના જીવોને માટે પણ તે પ્રસિદ્ધ કર્યો છે. સમયસારની આ ટીકાનું નામ आत्मख्याति છે, આત્મખ્યાતિ એટલે આત્માની પ્રસિદ્ધિ, આત્માનો અનુભવ. -તેની રીત સન્તોએ બતાવી છે. આ સમયસારમાં તેનું ઉત્કૃષ્ટ વર્ણન છે. જેમ ચક્રવર્તીના નવનિધાન અખૂટ છે, તે કદી ખૂટતા નથી, તેમ આત્મામાં અપાર અક્ષય ચૈતન્યનિધાન છે, અનુભવદ્વારા તેને ખોલ્યા જ કરો પણ તે કદી ખૂટતા નથી. જગતને આવો આત્મવૈભવ સર્વજ્ઞદેવે ખુલ્લો કરીને બતાવ્યો છે. અહો, આ તો વીતરાગી સન્તોના અંતરના અનુભવની વાત છે. આના ભાવો સમજવા માટે અંતરમાં ઘણું ઊંડું મંથન માંગે છે. અંદરમાં મંથન વગર આવો આત્મા અનુભવમાં આવે નહીં. આત્માની સમજણ માટે ને અનુભવ માટે અંદરમાં ઘણો ઉગ્ર પ્રયત્ન હોય છે; જગતથી કેટલી ઉદાસીનતા ને ચૈતન્યની કેટલી પ્રીતિ હોય ! ત્યારે આત્મા અનુભવમાં આવે.

કેટલા દિ’ માં અનુભવ થાય ?

જેવી પોતાની રુચિની ઉગ્રતા. કોઈને અંતર્મુહૂર્તમાં જ અનુભવ થાય છે. પણ એને માટે મુદત ન હોય કે આટલા દિવસમાં અનુભવ થઈ જાય તો જ કરવો છે. રુચિવાળી વસ્તુના પ્રયત્નમાં હદ ન હોય, કાળની મર્યાદા ન હોય. જો કે ખરા મુમુક્ષુને રુચિની ઉગ્રતા તો એવી હોય કે આજે જ અત્યારે જ આત્મામાં ઊતરીને તેને અનુભવમાં લઉં. પછી પ્રયત્ન ઉપડતાં ઉપડતાં જરાક વાર લાગે તો તે થાકીને પ્રયત્ન છોડી દેતા નથી, પણ વધુ ને વધુ ઉગ્ર પ્રયત્ન વડે ઉદ્યમ કરીને અંતે સાક્ષાત્ આત્માનો અનુભવ કરે છે.

**સાચી રુચિના પ્રયત્ન વડે એવો અનુભવ જરૂર થાય છે. ખરો આત્માર્થી એવા દ્રઢ નિશ્ચયવાળો હોય છે કે અંતર્દ્રષ્ટિથી આત્માને દેખ્યે છૂટકો, ત્યાં સુધી બહાર નીકળવું નથી, રુચિને બીજે ક્યાંય જવા દેવી નથી. એકધારો આવો પ્રયત્ન કરનારને આત્માના આનંદની પ્રાપ્તિ જરૂર થાય છે. આ અંતરના ઉગ્ર પ્રયત્ન વગર આત્મા અનુભવમાં આવે નહીં. ભાઈ, વિકલ્પાતીત ભગવાન આત્મા, આનંદનો નાથ, તેને તેં પૂર્વે કદી અનુભવમાં લીધો નથી, તેને અનુભવમાં લેવાનો આ અવસર છે. માટે હે વાલીડા! અત્યારે તું આળસ કરીશ નહીં, પ્રમાદી થઈશ મા. ( આત્મવૈભવ )**

# તત્ત્વવેદી ધર્માત્માનું વેદન

- આત્માની પર્યાયને અંદરમાં વાળીને જે આત્માના આનંદનું વેદન આવે, તે વેદન કરનાર જીવ તત્ત્વવેદી છે.
- ચૈતન્યને સ્પર્શતાં વિકલ્પ તૂટતાં આનંદનું વેદન રહ્યું, આ જ ધર્મી જીવનું વેદન છે.
- અહા, ચૈતન્યના આનંદની વાત અંતરના પ્રેમથી જીવે કદી સાંભળી નથી.
- વિકલ્પના વેદનમાં ઊભો છે ત્યાંથી ખસીને ચૈતન્યના વેદનમાં જ્યાંસુધી ન આવે ત્યાંસુધી નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય નહિ, ને વિકલ્પનું કર્તાપણું છૂટે નહિ.
- ચૈતન્યના આનંદમાં પ્રવેશ કરવાની આ વાત છે.
- વિકલ્પ કે જે પોતાના સ્વભાવની ચીજ નથી, તેના વડે સ્વભાવમાં પ્રવેશ થઈ શકે નહીં, ચૈતન્યભાવ વડે જ ચૈતન્યમાં પ્રવેશ થઈ શકે.
- ધર્મી જીવ ચૈતન્યભાવવડે પક્ષાતિક્રાન્ત થઈને પોતાના શુદ્ધસ્વરૂપને વેદે છે.
- વિકલ્પનો સ્વાદ ને ચૈતન્યનો સ્વાદ જ અત્યંત જુદો છે; ચૈતન્યનો સ્વાદ અત્યંત મધુર શાંતરસમય છે; વિકલ્પનો સ્વાદ આકુળતામય છે.
- ચૈતન્યસ્વભાવના લક્ષે જે ઊપાડયો તે ચૈતન્ય પરિણામને એકાગ્ર કરીને આનંદને અનુભવશે...તેમાં વિકલ્પનો અભાવ છે. –આવી અનુભૂતિ તે ધર્મીનું વેદન છે. અંદરમાં આવી અનુભૂતિ વગર કોઈ ધર્મ થવાનું માને તો તે કલ્પનામાત્ર છે.
- વિકલ્પમાં ઊભો રહીને કરેલો નિર્ણય તે સાચો નિર્ણય નથી; સ્વરૂપસન્મુખ થઈને કરેલો નિર્ણય તે સાચો નિર્ણય છે. એવો નિર્ણય કરીને ધર્મી નિર્વિકલ્પ થઈને આત્માના આનંદને અનુભવે છે. –એ તત્ત્વવેદી ધર્માત્માનું અપૂર્વ વેદન છે. ( કળશ ટીકા–પ્રવચનમાંથી )

# આત્માનો ધંધો.....આત્માની ક્રિયા

**આત્માને લાભનો ધંધો એટલે કે લાભનો વેપાર શું છે? ને આત્માના હિતની ખરી ક્રિયા તથા તેનું સાધન શું છે તે અહીં સુગમ શૈલીથી સમજાવ્યું છે.**

હે જીવ! તું એમ વિચાર કે મારે મારા આત્માનો ધંધો કરવો છે, બહારનો ધંધો કરવો નથી. બહારનો ધંધો આત્મામાં નથી. જેના વેપારથી એટલે કે જેમાં ઉપયોગને જોડવાથી આત્માને આનંદનો લાભ થાય એવો વેપાર મારે કરવો છે. બહારમાં ઉપયોગ ભમાવતાં તો અનંતકાળ વીત્યો પણ આનંદ ન મળ્યો, માટે હે જીવ! હવે તારા ઉપયોગને અંતરમાં જોડ. ભાઈ, તારી ચૈતન્યવસ્તુનો અપાર મહિમા છે. અંતરમાં નજર કરીને તારી ચૈતન્યચીજને દેખ તો ખરો! અરે, પોતે પોતાને ન દેખે-એ કેવી વાત! ચૈતન્યવસ્તુને જે નથી દેખતો તેણે આત્માને ખરેખર માન્યો નથી.

- શરીર વગેરે અજીવની સાથે આત્માને કર્તાકર્મપણું જે માને તેણે અજીવ સાથે આત્માની એકતા માની એટલે કે આત્માને અજીવ માન્યો.
- રાગાદિ વિકાર સાથે આત્માને કર્તાકર્મપણું જે માને તેણે આત્મા અને આસ્રવને એક માન્યા; એટલે આત્માને અશુદ્ધ જ માન્યો.
- આત્મામાં ક્રિયાશક્તિ છે એ ખરું, પણ તે શક્તિ એવી નથી કે જડની ક્રિયાને કે રાગની ક્રિયાને કરે. એ ક્રિયાશક્તિ વડે તો આત્મા પોતાના સ્વભાવભૂત કારકોને અનુસરતો થકો નિર્મળ ભાવરૂપે પરિણમે છે. તે નિર્મળભાવ સાથે આત્માને એકતા છે એટલે તેમાં જ કર્તાકર્મપણું છે.

એવી જ રીતે કર્તા-કર્મની જેમ સાધનમાં પણ સમજવું. જડની ક્રિયાને જેણે પોતાની પર્યાયનું સાધન માન્યું તેણે આત્માને જડથી ભિન્ન ન

**જાણ્યો; શુભરાગની ક્રિયાને જેણે પોતાની જ્ઞાનપર્યાયનું સાધન માન્યું તેણે આત્માને રાગથી ભિન્ન ન જાણ્યો.**

**જડને અને વિકારી રાગને પોતાના ધર્મનું સાધન માનતાં કેટલી ગંભીર મોટી ભૂલ થાય છે તેની અજ્ઞાનીને ખબર નથી. ભાઈ, જડને અને વિભાવને આત્માનું સાધન માનતાં તારી મિથ્યામાન્યતામાં આખો આત્મા જ જડરૂપ ને વિભાવરૂપ મનાઈ જાય છે, ને અનંત ગુણના નિર્મળસ્વભાવનો નકાર થઈ જાય છે, -એ કેવી મોટી ભૂલ છે! જો ચેતનસ્વભાવને જડથી ને વિભાવથી ભિન્ન જાણે તો તે જડને કે વિભાવને પોતાનું સાધન માને નહિ, કેમકે ભિન્ન સાધન હોતું નથી. પોતાનું સાધન પોતાથી અભિન્ન હોય છે.**

**અહો, આ તો પોતાના આત્મા માટે અંદરમાં શાંતિથી સમજવાની વસ્તુ છે, ને એ સમજણનું ફળ સાદિ-અનંત આનંદ છે. એ મહા આનંદની શી વાત! એ આનંદ આત્મામાંથી પ્રગટયો તે પ્રગટયો, હવે સદાકાળ આત્મા તે આનંદમાં મગ્ન રહેશે. દુઃખનો અભાવ થયો તે એવો અભાવ થયો કે ફરી કદી દુઃખ નહિ થાય. જેની સમજણનું આવું મહાન ફળ તે આત્મસ્વભાવના મહિમાની શી વાત! આવા આત્માને અનુભવમાં લેતાં સમ્યક્ત્વાદિ અમૃત પ્રગટે છે ને અનાદિનું મિથ્યાત્વાદિનું ઝેર ઊતરી જાય છે.**

**સુખી થવું હોય તેને માટે આ એક જ રસ્તો છે, બાકી તો બધા દુઃખી થવાના રસ્તા છે. ભગવાન જે રસ્તે મોક્ષ પામ્યા તે આ રસ્તો છે. સન્તોએ પોતાના અંતરમાં જોયેલો આ માર્ગ જગતને ઉપદેશ્યો છે કે હે જીવો! નિઃશંકપણે આ માર્ગે ચાલ્યા આવો. ભગવાનના ઘરની આ વાત છે, ભગવાનના ઘરનો આ વૈભવ છે, ને આત્માને ભગવાન બનાવવાની આ રીત છે. વાહ રે વાહ! વીતરાગી સન્તોએ અંદરમાં પોતાનાં કામ તો કર્યા ને વાણીમાં પણ અલૌકિક કથન આવી ગયું. - જગતના એટલા મહા ભાગ્ય છે.** (આત્મવૈભવમાંથી)

# વિકલ્પનું કર્તૃત્વ ક્યારે છૂટે ?

બાહ્યલક્ષમાં રહીને, શુદ્ધસ્વરૂપનો વિકલ્પ કર્યા કરે છે તેમાં વિકલ્પનું કર્તૃત્વ છૂટતું નથી. જો શુદ્ધસ્વરૂપની સન્મુખ થાય તો તેનું નિર્વિકલ્પવેદન થાય છે ને ત્યાં વિકલ્પનું કર્તૃત્વ રહેતું નથી.

સ્વરૂપસન્મુખ થઈને સ્વરૂપનો વિચાર તે તો જ્ઞાન છે, ને જ્ઞાન તે કાંઈ વિકલ્પ નથી.

વિકલ્પ સાથે કર્તાકર્મની પ્રવૃત્તિ ક્યાં સુધી છે? કે શુદ્ધસ્વરૂપની સન્મુખ નથી થતો ને પર્યાયના લક્ષે–'હું શુદ્ધ એવા વિકલ્પના વેદનમાં' અટકે છે ત્યાંસુધી કર્તાકર્મની પ્રવૃત્તિરૂપ અજ્ઞાન છે.

તે કર્તાકર્મની પ્રવૃત્તિ ક્યારે છૂટે ?

કે જ્ઞાનના બળે વિકલ્પથી જાુદો પડીને "શુદ્ધ" ની સન્મુખ થઈને તેમાં અભેદ પરિણતિ કરે, ત્યાં તે પરિણતિમાં વિકલ્પ સાથે કર્તાકર્મપણું રહેતું નથી; શુદ્ધસ્વરૂપના આનંદનું સાક્ષાત્ વેદન થયું તે વિકલ્પ વગરનું છે. આવા વેદન વગર સમ્યગ્દર્શન થાય નહીં, ને વિકલ્પની કર્તાબુદ્ધિ મટે નહીં. વિકલ્પના વેદનમાં આકુળતા છે, સ્વરૂપના વેદનમાં આનંદ છે.

અજ્ઞાનીને, જ્ઞાનસાથે એકપણે વિકલ્પ ઊઠે છે–વિકલ્પ તે હું એવા વેદનસહિત વિકલ્પ ઊઠે છે; વિકલ્પથી જાુદું વેદન તેને નથી. ને જ્ઞાન થયા પછી જ્ઞાનીને વિકલ્પ ઊઠે તે જ્ઞાનથી જાુદાપણે રહે છે, એકપણે નથી, જ્ઞાનના કાર્યપણે નથી. જ્ઞાનનું વેદન વિકલ્પથી જુદું જ છે. વિકલ્પના કાળે જ જ્ઞાનીને તેનાથી જુદું જ્ઞાનપરિણમન વર્તે છે.

જેના ફળમાં પૂર્ણ અતીન્દ્રિયઆનંદનું વેદન સદાકાળ થયા કરે, તેના કારણરૂપ અતીન્દ્રિય આનંદમય શ્રદ્ધા–જ્ઞાન પણ સ્વભાવના અંતરના આશ્રયે જ થાય છે, બીજાું કોઈ સાધન તેમાં નથી. આત્માને અનુભવ કરે ત્યારે જ વિકલ્પની આકુળતા વગરના સહજ આનંદનું વેદન થાય છે, ને આવું વેદન તે આત્માનું સાચું વેદન છે. શુદ્ધાત્માને ધ્યેય કરીને આવું વેદન કરે ત્યારે જીવ 'તત્ત્વવેદી' થયો, સમ્યગ્દ્રષ્ટિ થયો, મોક્ષમાર્ગી થયો.

( કલશટીકા પ્રવચન )

## ❁ જાહેરાત ❁

આથી સર્વે મુમુક્ષુમંડળના ભાઈઓ બેનો, મુમુક્ષુમંડળ–સંઘ તથા મંદિરોના વ્યવસ્થાપકોને જણાવવાનું કે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ તરફથી નીચે જણાવેલાં ગુજરાતી તેમજ હિંદી પુસ્તકો ઉપર કમિશન કાપીને વેચવાનું નક્કી કરવામાં આવ્યું છે. નીચેની યોજના મહા સુદ ૨ ) તા. ૩૧–૧–૬૮ સુધીની જ છે. તો આનો લાભ લેવા સર્વને વિનંતિ છે. દરેકે આ પુસ્તકો ખરીદવા તથા અભ્યાસવા યોગ્ય છે.

## ❁ કમિશન યોજના ❁

| | | |
|---|---|---|
| ૧. | રૂા. ૧ થી ૨૫ સુધીની કિંમતના પુસ્તકો લેનારને કમિશન | ૫ ટકા |
| ૨. | રૂા. ૨૬ થી ૫૦ સુધીની કિંમતના પુસ્તકો લેનારને કમિશન | ૭ાા ટકા |
| ૩. | રૂા. ૫૧ થી ૧૦૦ સુધીની કિંમતના પુસ્તકો લેનારને કમિશન | ૧૦ ટકા |
| ૪. | રૂા. ૧૦૧ થી ૨૫૦ સુધીની કિંમતના પુસ્તકો લેનારને કમિશન | ૧૨ાા ટકા |
| ૫. | રૂા. ૨૫૧ કે તેથી ઉપર સુધીની કિંમતના પુસ્તકો લેનારને કમિશન | ૧૫ ટકા |

પત્રવ્યવહારનું સરનામું
વ્યવસ્થાપક, પુસ્તક વેચાણ વિભાગ
**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

## ❁ ગુજરાતી પુસ્તકો ❁

| નામ | મૂળ કિંમત | નામ | મૂળ કિંમત |
|---|---|---|---|
| આત્મ પ્રસિદ્ધિ | ૩–૭૫ | આલોચના | ૦–૧૩ |
| આત્મસિદ્ધિ ( અર્થ ) શાસ્ત્ર | ૦–૩૧ | અષ્ટ પ્રવચન | ૧–૦૦ |
| આત્મસિદ્ધિ ગુટકો | ૦–૬૦ | ભજનમાળા | ૧–૦૦ |
| આત્મસિદ્ધિ ગાથા | ૦–૧૩ | ચિદ્‌વિલાસ | ૦–૭૫ |
| અપૂર્વ અવસર | ૦–૫૦ | લઘુજિન પૂજાપાઠ | ૦–૧૩ |
| અનુભવ પ્રકાશ | ૧–૦૦ | મંગલતીર્થ યાત્રા | ૬–૦૦ |

| | | | |
|---|---|---|---|
| મોક્ષમાર્ગ પ્રકાશક | ૩–૦૦ | જૈન સિ. પ્રવેશિકા | ૦–૧૬ |
| મોક્ષશાસ્ત્ર | ૪–૦૦ | સમયસાર પ્રવચન ભા–૧ | ૪–૦૦ |
| મોક્ષના કીરણો–૨ | ૧–૬૩ | સમયસાર પ્રવચન ભા–૪ | ૩–૦૦ |
| મુક્તિનોમાર્ગ | ૦–૭૫ | સમયસાર પદ્યાનુવાદ | ૦–૩૧ |
| નિયમસાર પ્રવચન–૪ | ૧–૬૩ | સમયસાર ગુટકો | ૦–૭૫ |
| યોગસાર દોહા | ૦–૧૫ | સમવસરણ સ્તુતિ | ૦–૫૦ |
| પંચાસ્તિકાય સંગ્રહ | ૩–૦૦ | સ્તવનમાળા | ૧–૧૨ |
| પંચાસ્તિકાય હરિગીત | ૦–૩૧ | સ્તવનાવલી | ૦–૭૫ |
| પ્રવચનસાર હરિગીત | ૦–૩૧ | સામાયિકપાઠ સાર્થ | ૦–૩૦ |
| પંચકલ્યાણક પ્રવચન | ૨–૨૫ | પુરુષાર્થ સિદ્ધિ | ૨–૦૦ |
| જિનેન્દ્રપૂજા પલ્લવ | ૦–૫૦ | સમાધિતંત્ર હરિગીત | ૦–૧૫ |
| સમ્યગ્દર્શન–૨ | ૦–૫૦ | સમ્યગ્જ્ઞાન દીપિકા | ૧–૫૦ |

## हिन्दी पुस्तको

| नाम | मूल किंमत | नाम | मूल किंमत |
|---|---|---|---|
| प्रवचनसार | ४–०० | द्रव्य संग्रह | ०–८५ |
| अनुभव प्रकाश | ०–३५ | समयसार कलश | २–७५ |
| समयसार प्रव. भा–४ | ४–०० | मुक्तिनो मार्ग | ०–५० |
| समयसार ग्रंथ | ५–०० | पंचास्तिकाय संग्रह | ३–५० |
| समयसार पद्या. | ०–२५ | नियमसार | ४–०० |
| छहढालागाथा | ०–१५ | अष्ट प्रवचन | १–१२ |
| प्रश्नोत्तर माला भा–३ | ०–५० | सन्मति संदेश | ०–५० |

# દીપાવલીના દીવડા

મહાવીર પરમાત્મા આજે મોક્ષપદ પામ્યા, સાદિઅનંત એવું સિદ્ધસુખ ભગવાન આજે પામ્યા. એવી સિદ્ધદશાની ઓળખાણ ક્યારે થાય? કે રાગથી અધિક થઈને જ્ઞાનઉપયોગ વડે આત્મવસ્તુને અનુભવમાં લીધી ત્યારે સિદ્ધદશાની સાચી ઓળખાણ થઈ.

ભગવાને પોતાના આત્મામાં પૂર્ણ આનંદદશારૂપ મોક્ષદશા પ્રગટ કરી. તેમને ઓળખીને પોતે સ્વસન્મુખ ઉપયોગ વાળવો તે ભગવાનનો સન્દેશ છે. એવું કર્યું તેણે પોતાના આત્મામાં સમ્યગ્દર્શનાદિ દીવડા પ્રગટાવ્યા ને સાચી દીવાળી ઊજવી.

વિશ્વની દરેક વસ્તુ પોતપોતાના સ્વરૂપની મર્યાદામાં છે, કોઈ વસ્તુ બીજી વસ્તુની સીમામાં (તેના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં) પ્રવેશતી નથી. આવું વસ્તુસ્વરૂપ વીરભગવાને પ્રકાશિત કર્યું છે. આવું સ્વાધીન સ્વરૂપ ઓળખીને, પોતાના ઉપયોગને આત્મસન્મુખ કરતાં જ્ઞાનજ્યોત પ્રગટે છે, મોક્ષમાર્ગ પ્રગટે છે. આવા માર્ગે ભગવાન આજે મોક્ષ પધાર્યા.

શુદ્ધ જ્ઞાનમય આ આત્મા આનંદસ્વભાવી છે. દુઃખના કારણરૂપ એવા રાગાદિ વિકલ્પને કરવાનો કે ભોગવવાનો તેનો સ્વભાવ નથી; તેથી તે રાગાદિનું કર્તૃત્વ–ભોક્તૃત્વ છોડીને ભગવાન મહાવીર પરમાત્મા આજે સંપૂર્ણ શુદ્ધ એવી આત્મદશાને પામ્યા. તેનો આજે દિવસ છે. ભગવાનને સિદ્ધદશા આજે પ્રગટી તે આનંદમય છે, તેથી આજે આનંદનો દિવસ છે; તેની ભાવનાનો દિવસ છે. આત્માના આવા અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ લક્ષમાં લ્યે તો બીજે ક્યાંય સુખબુદ્ધિ રહે નહિ; એટલે પરભાવોથી પાછો વળીને તે આત્મા મોક્ષના માર્ગે ચાલ્યો. –તેણે મોક્ષનો ઉત્સવ પોતામાં કર્યો.

અજ્ઞાનમાં આત્માએ શું કર્યું? રાગાદિ વિકલ્પોને કર્યા ને ભોગવ્યા; બાકી બહારમાં તો કાંઈ કર્યું નથી. હવે અહીં તો વિકારમાં જેને ત્રાસ લાગ્યો છે, ભવના દુઃખનો જેને થાક લાગ્યો છે, ને મોક્ષના માર્ગે આવવા માંગે છે, –તે એમ જાણે છે કે જ્ઞાનપિંડ મારો આત્મા રાગાદિનો કર્તા–ભોક્તા નથી, આનંદનો જ કર્તા–ભોક્તા છે. અરે, મારા જ્ઞાનમાં આ દુઃખ શા? –આ પરભાવના વેદન કેવા? જ્ઞાનમાં તો શાંતિ અને આનંદ હોય, –આમ વિવેક કરીને ધર્મી જીવ પોતાના જ્ઞાનને રાગ અને હર્ષાદિથી જાુદું અનુભવે છે. એ અનુભવમાં આનંદની સાચી મીઠાશ છે; બાકી લાડુ વગેરે તો અચેતન છે, તેમાં આનંદ કેવો? તેમાં ક્યાંય ચેતનના કિરણો નથી, ચેતનપ્રકાશ તેમાં નથી, જ્ઞાનકિરણોથી ઝગમગતો આત્મા પ્રકાશે છે, તેનો અનુભવ કર તો તારા આત્મામાં સાદિ–અનંત સુખનું વર્ષ બેસે. જ્ઞાનદીવડા વગર સાચી દીવાળી કેવી! જ્ઞાનદીવડા જેના આત્મામાં પ્રગટયા તે આત્મા શોભી ઊઠયો, તેણે ખરી દીવાળી પ્રગટ કરી.

# સર્વ સાધનશક્તિસંપન્ન આત્મા

## સમ્યક્ત્વ કે કેવળજ્ઞાન માટે તેને બીજા સાધનની જરૂર નથી

**અરે જીવ! તારા સાધનની ઊંડી તપાસ તારામાં જ કર; ઊંડો ઊતરીને જોતાં તારું સાધન તને તારામાં જ દેખાશે. જેઓ પોતાના સાધનને બહારમાં શોધે છે તેઓ સાધનની ઊંડી તપાસ કરનારા નથી પછી છીછરીબુદ્ધિવાળા છે. એટલે કે બાહ્યદ્રષ્ટિવાળા છે, જેઓ અંતરમાં ઊતરીને શોધ કરે છે તેમને તો પોતાના હિતનું સાધન પોતામાં જ ભાસે છે; કેમકે કર્તાનું સાધન પોતાથી ભિન્ન હોતું નથી.**

આત્માને જે જ્ઞાનમય નિર્મળ પર્યાયો પરિણમે છે તેનું સાધન કોણ? –તો કહે છે કે કરણ શક્તિવાળો આત્મા જ તેનું ઉત્કૃષ્ટ સાધન છે. કરણ શક્તિ વડે આત્મા પોતે ઉત્કૃષ્ટ સાધક થઈને, પોતે જ ઉત્કૃષ્ટ સાધન થઈને પોતાના વર્તમાન નિર્મળ ભાવને સાધે છે. એને માટે બહારમાં બીજું કોઈ સાધન નથી. સાધનારનું ખરું સાધન પોતાથી અભિન્ન હોય છે, જુદું હોતું નથી.

સમયસાર ગા. ૨૯૪માં અભેદસાધનની વાત સરસ સમજાવી છે. અહીં સાધન થવાની શક્તિ બતાવી છે; ને ત્યાં પ્રજ્ઞાછીણીરૂપ સાધન બતાવ્યું છે, એટલે કે સાધનશક્તિનું કાર્ય બતાવ્યું છે. ચૈતન્યસ્વભાવને અવલંબતો ઉપયોગ તો પ્રજ્ઞા છે; ચૈતન્યને ચેતનારી અનુભવનારી તે ભગવતી પ્રજ્ઞા વડે, આત્મા અને બંધ એ બંનેના ચોક્કસ લક્ષણો જાણીને તેમને જુદા કર્યા, –ભેદજ્ઞાન કર્યું. તે અંતર્મુખ ઉપયોગરૂપ પ્રજ્ઞાને જ સાધન બનાવીને તેના વડે શુદ્ધાત્માનું ગ્રહણ થાય છે. આ રીતે આત્માથી અભિન્ન એવી પ્રજ્ઞા જ શુદ્ધાત્માના અનુભવનું સાધન છે; બીજું કોઈ ભિન્ન સાધન નથી.

ગુણ–ગુણીભેદરૂપ જે અંદરનો ઊંચો વ્યવહાર તેના દ્વારા પણ પરમાર્થ સધાતો નથી, તો બીજા બાહ્ય રાગની શી વાત? ગાથા ૩૫૬ થી ૩૬૫ ની ટીકામાં પ્રશ્ન મુક્યો છે કે અંશ–અંશીભેદરૂપ વ્યવહારથી શું સાધ્ય છે? તેના ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે તેનાથી કાંઈ જ સાધ્ય નથી. ભેદદ્વારા અભેદ સાધ્ય છે એમ ન કહ્યું, વ્યવહાર વડે નિશ્ચય સાધ્ય છે એમ આચાર્યદેવે ન કહ્યું; પણ તેનાથી કાંઈ જ સાધ્ય નથી એમ

કહીને તે વ્યવહારને સાધનમાંથી કાઢી નાંખ્યો, તો બીજા બાહ્ય સાધનની શી વાત? રાગને સાધન બનાવીને આત્માને અનુભવી શકાતો નથી. સીધેસીધો સ્વભાવમાં ઉપયોગ મુકીને આત્મા અનુભવાય છે; એટલે આત્મા પોતે જ પોતાના સ્વાનુભવનું સાધન થાય છે.

શુદ્ધાત્માની પ્રાપ્તિ અન્ય સાધનોથી નિરપેક્ષ છે, કેવળજ્ઞાનરૂપે પરિણમવાના પોતાના સ્વભાવવડે આત્મા પોતે જ પોતાનું સાધન થાય છે, માટે બાહ્ય સામગ્રી શોધવાની વ્યગ્રતા ન કરો, એટલે કે અંતરના સ્વભાવને જ અવલંબો. –એવો ઉપદેશ પ્રવચનસારની ૧૬ મી ગાથામાં આપ્યો છે.

ભાઈ! આત્માની પ્રાપ્તિ તો આત્માને આધીન હોય કે કોઈકને આધીન હોય? એ તો અન્ય સાધનોથી નિરપેક્ષ, સંપૂર્ણ આત્માધીન છે. મારી પર્યાયનું સાધન હું જ છું, તેમાં બીજા કોઈ સાધનની મારે જરૂર નથી, –એમ નક્કી કરીને ધર્માત્મા બાહ્ય સાધનોનો આશ્રય લેતા નથી પણ પોતાના આત્માનો જ આશ્રય કરીને પરિણમે છે; એટલે સ્વાશ્રયે આત્મા પોતે જ સાધન થઈને નિર્મળભાવરૂપ પરિણમે છે.

મારું સાધન હું જ છું, પર મારું સાધન નથી–એમ નક્કી કરતાં પરથી એકત્વબુદ્ધિ છૂટી એટલે પર્યાય અંતર્મુખ થઈને આત્મામાં એકાગ્ર થઈ. પ્રવચનસારમાં આચાર્યદેવ કહે છે કે ‘જે પુરુષ, એ રીતે કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા જ છે–એમ નિશ્ચય કરીને ખરેખર પરદ્રવ્યરૂપે પરિણમતો નથી તે જ પુરુષ, પરદ્રવ્ય સાથે સંપર્ક જેને અટકી ગયો છે અને દ્રવ્યની અંદર પર્યાયો જેને પ્રલીન થયા છે એવા શુદ્ધાત્માને ઉપલબ્ધ કરે છે. ’

જુઓ, શુદ્ધોપયોગ તે પણ એક કર્મ છે–કાર્ય છે, ને તેનું ફળ કેવળજ્ઞાન છે; આત્મા જ તેનું સાધન છે. શુદ્ધોપયોગરૂપે પરિણમેલા આત્મામાં આ બધું સમાઈ જાય છે. શુદ્ધઉપયોગરૂપ નિર્મળ પર્યાય આત્મા સાથે અભેદ હોવાથી અભેદપણે આત્મા જ પોતે પોતાનું સાધન છે. અરે જીવ! આ સન્તો તને તારી સાધનસામગ્રી બતાવે છે. સાધનનો કેટલો બધો વૈભવ તારામાં ભર્યો છે તે તને ઓળખાવે છે. સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન એ બધાનું તારામાં જ સાધન હોવા છતાં એને ભૂલીને તું બહારમાં કેમ ફાંફાં મારી રહ્યો છે? અનંતકાળ બહારનાં સાધનો સેવ્યાં પણ તારા હાથમાં કાંઈ ન આવ્યું, ભવભ્રમણનો આરો ન આવ્યો...માટે એનાથી ભિન્ન ખરું સાધન અંદરમાં છે તેને શોધ.

જે સાધન કાર્યની સાથે અભેદ રહેનારું હોય તેને સાધકતમ કહેવાય એટલે કે તે જ ખરું સાધન છે. રાગને જ્ઞાનની સાથે એકતા નથી માટે રાગ તે જ્ઞાનનું સાધન નથી, રાગ તે મોક્ષમાર્ગ નથી. ધર્મી જાણે છે કે મારો આત્મા પોતે જ સાધન થઈને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમે છે. જોકે હું કર્તા, હું સાધન–એવા ભેદને તે અવલંબતો નથી પણ અભેદઅનુભૂતિમાં છએ કારકો ભેગા સમાઈ જાય છે. જ્ઞાન સાથે અભિન્ન છએ કારકો પરિણમી રહ્યા છે.

ભાઈ! તારે સાધક થવું હોય તો તારામાં રહેલા આવા અભેદસાધનને જાણ. એના વડે સિદ્ધપદ સધાશે. આવા આત્માના અનુભવ સિવાય બીજા કોઈ સાધન વડે સાધ્યની સિદ્ધિ થતી નથી. વ્યવહાર તે સાધક અને નિશ્ચય તે સાધ્ય–એમ કહેવામાં આવે છે તે ઉપચારથી છે. વર્તમાન વર્તતી નિર્મળ પર્યાયનો ઉત્કૃષ્ટ સાધક થઈને આત્મા જ તેને કરે છે. સાધક પોતે, સાધન પોતામાં ને સાધ્ય પણ પોતામાં. જ્ઞાનલક્ષણથી લક્ષિત આત્મામાં એ બધુંય ભર્યું છે.

છઠ્ઠા ગુણસ્થાને વર્તતી શુદ્ધી તે સાતમા ગુણસ્થાનની શુદ્ધિનું સાધન છે–એ પણ ખરેખર તો વ્યવહાર છે. પણ ત્યાંનો શુભરાગ તે શુદ્ધીનું સાધન નથી એમ બતાવવા, એટલે કે રાગને અને શુદ્ધતાને ભિન્ન ભિન્ન ઓળખાવવા એમ કહેવાય છે કે છઠ્ઠાની શુદ્ધતા તે સાતમાનું ખરેખર સાધન છે. –એટલે કે તેની સાથેનો રાગ તે ખરું સાધન નથી.

છઠ્ઠાની શુદ્ધી તે સાતમાની શુદ્ધીનું સાધન–એવા પર્યાયભેદની વાત અહીં નથી લેવી. અહીં તો તે–તે સમયના શુદ્ધભાવરૂપે અભેદપણે પરિણમતો આત્મા જ સાધન છે, પોતે જ સાધનપણે પરિણમ્યો છે, એમ અભેદ સાધન બતાવ્યું છે. કરણશક્તિને લીધે આત્મા જ પોતાની સર્વ પર્યાયોનો સાધકતમ છે, પોતે જ સાધન છે. 'સાધકતમ' કહેતાં તે એક જ સાધન છે ને બીજું સાધન નથી. બીજું સાધન કહેવું તે વ્યવહાર છે.

સર્વજ્ઞદેવે પૂર્ણ સાધનશક્તિ સમ્પન્ન આત્મા કહ્યો છે. ભાઈ, નિર્મળ પર્યાયના કોઈ સાધનની તારામાં કમી નથી કે તારે બીજા પાસે લેવા જવું પડે. પોતાની પાસે ન હોય તે બીજા પાસે માંગે. પણ અહીં તો બધુંય સાધન પોતાની પાસે છે જ. તેનું અવલંબન લે એટલી જ વાર છે. ઇન્દ્રિયો તારું સાધન નહિ, નિમિત્તો સાધન નહિ, વિકલ્પો સાધન નહિ, ભેદરૂપ વ્યવહાર સાધન નહિ; છતાં એ બધાને સાધન

તરીકે વર્ણવ્યા હોય તો તે ઉપચારથી જ છે એમ જાણવું, ને પોતાનો શુદ્ધઆત્મા પરમાર્થ સાધન છે–તે સત્યાર્થ છે એમ જાણવું.

તીર્થંકરપ્રભુના પંચકલ્યાણક વગેરે વિભૂતિનું દર્શન તે સમ્યક્ત્વનું કારણ છે–એનું શાસ્ત્રમાં ઘણું વર્ણન આવે છે, પણ અંદરમાં સાધનશક્તિવાળા આત્માને લક્ષમાં રાખીને એ બધું સમજવું જોઈએ. અંદરમાં નિજાત્માનું લક્ષ જેને નથી તેને બહારના સાધનો ઉપચારથી પણ સમ્યક્ત્વનું સાધન થતા નથી. ઉપચાર પણ ખરેખર ત્યારે લાગુ પડે કે જ્યારે અંદરમાં પોતાને પરમાર્થનું લક્ષ હોય. જો ઉપચારને જ પરમાર્થ માની લ્યે ને સાચા પરમાર્થને ભૂલી જાય તો તો તે યથાર્થવસ્તુને ક્યાંથી સાધી શકે? ભાઈ, આ તો વીતરાગી જિનમાર્ગ છે, એનાં રહસ્યો ઊંડાં છે. પોતાના સ્વભાવના ભરોસા વગર જિનમાર્ગમાં એક પગલુંય ચલાશે નહીં.

આત્મશક્તિમાં જે તાકાત ભરી છે તેના ભરોસે શુદ્ધતા પ્રગટે છે. વિશ્વાસે વહાણ તરે, –કોનો વિશ્વાસ? કે પોતાના આત્માના વૈભવનો વિશ્વાસ. મારામાં કરણશક્તિ છે એટલે હું જ સાધન છું, બીજા કોઈ સાધનની મને જરૂર નથી–એમ નિજસ્વભાવનો વિશ્વાસ આવતાં તે જીવ પરાશ્રય છોડીને સ્વાશ્રયે શુદ્ધતારૂપ પરિણમે છે ને તેનું વહાણ ભવસમુદ્રથી તરી જાય છે. જુઓ, આ તરવાનો ઉપાય! તે–તે સમયના નિર્મળભાવરૂપે પરિણમતો આત્મા સ્વયં સાધન છે. જ્ઞાનશક્તિ વડે આત્મા પોતે પરિણમીને કેવળજ્ઞાનનું સાધન થાય છે; આનંદશક્તિવડે આત્મા પોતે સાધન થઈને અતીન્દ્રિય આનંદરૂપે પરિણમે છે; શ્રદ્ધાશક્તિવડે આત્મા પોતે સાધન થઈને ક્ષાયિક સમ્યક્ત્વરૂપ પરિણમે છે. આમ સર્વે ગુણોમાં પોતપોતાની નિર્મળપર્યાયનું સાધન થવાની તાકાત છે. સમજાવવા માટે જુદા જુદા ગુણભેદથી વાત કરી, બાકી તો કરણશક્તિવાળા અભેદઆત્મામાં બધા ગુણ–પર્યાયો સમાઈ જાય છે. આવા અભેદ આત્માને જાણવો–માનવો–અનુભવવો તે મોક્ષમાર્ગ છે.

હે જીવ! તારા આત્મામાં કેવી શક્તિ છે તેને તું જો, તો સ્વકાર્યને સાધવા માટે તારે કોઈ બીજાની મદદ માગવી નહિ પડે. આત્માની જે કરણશક્તિ છે તે જ સ્વકાર્યને સાધનારી ઇષ્ટદેવી છે, બીજી કોઈ દેવીને ધર્મીજીવ સ્વકાર્યનું સાધન માનતા નથી. કરણશક્તિરૂપી દેવીને ઉપાસીને, એટલે કે કરણશક્તિવાળા આત્માને ધ્યેયરૂપ બનાવીને ધર્મી પોતાના સ્વકાર્યને સાધે છે.

દરેક વસ્તુમાં પોતાના અનંત સ્વભાવોરૂપ અનંતશક્તિ છે. જેમ એકેક આત્મામાં અનંતશક્તિ છે, તેમ એકેક પરમાણુમાં પણ અનંતશક્તિ છે. આત્મામાં જ્ઞાન–સુખ વગેરે છે તે પરમાણુમાં નથી, પણ પરમાણુમાં જડતા, વર્ણ–ગંધ–રસ–સ્પર્શ વગેરે સ્વભાવો છે. દરેક પદાર્થની શક્તિ જ તેના કાર્યની સાધક છે. તેમાંથી અહીં તો આત્મશક્તિના વૈભવની વાત છે. આત્મા પોતે સાધન થઈને પોતાના ભાવરૂપ કાર્યને સાધે છે. સાધક અને તેનું સાધન, બંને વચ્ચે ભેદ નથી; ખરેખર સાધન ને સાધ્ય વચ્ચે પણ ભેદ નથી. રાગ સાધન ને નિર્મળપર્યાય સાધ્ય–એવું તો નથી, ને વર્તમાન અધૂરી પર્યાય સાધન ને પૂરી પર્યાય તેનું સાધ્ય–એમ પણ ખરેખર નથી. તે–તે પર્યાયમાં અભેદ પરિણમતો આત્મા પોતે જ તેનું સાધન છે, પોતે જ સાધક છે. કરણશક્તિવડે આત્મા પોતે સ્વતંત્રપણે પોતાનું સાધન થાય છે.



જુઓ, આ બાહુબલી ભગવાન! એક વર્ષ સુધી ઊભા ઊભા ધ્યાન કર્યું. તેમને ઉપયોગની જે નિર્મળતા થઈ તેનું સાધન કોણ? શું શરીરનું મજબૂત સંહનન હતું તે અંદરના ધ્યાનનું સાધન હતું? –ના; શરીર ઉપર તો લક્ષેય ન હતું. શરીરને ધ્યાનનું સાધન કહેવું તે તો સ્થૂળ ઉપચાર છે. અંદર પોતાની કરણશક્તિને લીધે આત્મા પોતે જ સાધન થઈને ઉપયોગની સ્થિરપર્યાયરૂપે પરિણમ્યો છે. શરીરેય તેનું સાધન નથી ને વિકલ્પોય તેનું સાધન નથી.

શરીરની જે જે ક્રિયાઓ થાય તેનું સાધન થવાની શક્તિ તેના રજકણોમાં જ છે, આત્મા તેનું સાધન થતો નથી. જડના છ કારકો જડમાં, ને આત્માના છ કારકો આત્મામાં; આ તો આત્માના વૈભવની વાત છે; તેમાં આત્માની હીનતાની વાત હોય નહીં. જેમ 'ભરતેશવૈભવ' બતાવવો હોય તેમાં ભરતની હીનતાની વાત કેમ આવે? તેમ અનંતગુણસંપન્ન ચૈતન્યવૈભવધારી આત્મા, તેને પોતાના કાર્ય માટે શરીરાદિ જડ સાધનની જરૂર પડે એમ કહેવું તે તો તેની હીનતા કરવા જેવું છે. ચૈતન્યવૈભવમાં સાધનની એવી ખેંચ નથી કે બીજા સાધનની મદદ લેવી પડે. એ તો સ્વાધીનપણે પોતાના જ સાધન વડે પોતાનું કાર્ય કરનારો છે. પોતે જ સાધનસ્વભાવથી પરિપૂર્ણ છે.



# શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃત

**(શ્રીમદ્ રાજચંદ્રજીની જન્મશતાબ્દિ નિમિત્તે અપાતી લેખમાળામાં આ ત્રીજો લેખ છે. અનેક જિજ્ઞાસુઓ તરફથી પસંદ કરાયેલા ઘણા વચનામૃત આવેલા, તેમાંથી સંકલન કરીને અહીં અપાય છે. ગતાંકમાં જણાવેલ જિજ્ઞાસુઓ ઉપરાંત વાંકાનેરથી સભ્ય નં. ૧૭૩૨-૧૭૩૩, રાજકોટથી બેન કલ્પનાકુમારી તથા મુંબઈથી વિજયાબેન-વગેરે જિજ્ઞાસુઓ તરફથી પણ વચનામૃતો મળ્યા છે; તે બદલ સૌનો આભાર. આ લેખમાળા આ વર્ષ દરમિયાન ચાલુ રાખીશું, ને આવેલા વચનામૃતોનો તેમાં ઉપયોગ કરીશું.)**

**(૨૦૧)** સોળ વર્ષ કરતાંય નાની ઉંમરમાં શ્રીમદ્‌રાજચંદ્રજી લખે છે કે–
'રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયો; નિદ્રાથી મુક્ત થયા, હવે ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો.'

**(૨૦૨)** સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો. (૪૯૧)

**(૨૦૩)** એક સમય પણ કેવળ અસંગપણાથી રહેવું એ ત્રિલોકને વશ કરવા કરતાં પણ વિકટ કાર્ય છે; એવા અસંગપણાથી ત્રિકાળ જે રહ્યા છે એવા સત્પુરુષનાં અંતઃકરણ, તે જોઈ અમે પરમ આશ્ચર્ય પામી નમીએ છીએ. (૨૧૩)

**(૨૦૪)** એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઈચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જીંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષ જઈશ. (૭૬)

**(૨૦૫)** મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે. (૨૪૯)

**(૨૦૬)** સમ્યક્ત્વ પામ્યા છે એવા પુરુષનો નિશ્ચય થયે, અને યોગ્યતાના કારણે જીવ સમ્યક્ત્વ પામે છે. (૨૪૯)

**(૨૦૭)** ભક્તિનું પ્રયોજન સ્વ સ્વરૂપ–પ્રાપ્તિને અર્થે છે. (૭૧)

**(૨૦૮)** આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય કરીને સેવવા યોગ્ય છે–સત્શ્રુત અને સત્સમાગમ. (૮૨૫)

(૨૦૯) મોક્ષ થવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ. (૨૦૦)

(૨૧૦) શાસ્ત્રોમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી; મર્મ તો સત્પુરુષના અંતરમાં રહ્યો છે. (૫૮)

(૨૧૧) જિનપદ નિજપદ એકતા,
ભેદભાવ નહિ કાંઈ;
લક્ષ થવાને તેહનો,
કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૯૫૪)

(૨૧૨) વીતરાગશ્રુત, પરમશાંતરસપ્રતિપાદક વીતરાગવચનોની અનુપ્રેક્ષા વારંવાર કર્તવ્ય છે. (૨૫૬)

(૨૧૩) કોઈ પણ રીતે શાસ્ત્રાભ્યાસ હશે તો કંઈ પાત્ર થવાની જિજ્ઞાસા થશે, અને કાળે કરીને પાત્રતા પણ મળશે. (૧૩૯)

(૨૧૪) સત્ધર્મનો જોગ સત્પુરુષ વિના હોય નહીં, કારણકે અસત્માં સત્ હોતું નથી. (૨૪૯)

(૨૧૫) સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ સત્ પ્રાપ્ત થાય છે, સત્ સમજાય છે, સત્નો માર્ગ મળે છે, સત્ ઉપર લક્ષ આવે છે. સજીવનમૂર્તિના લક્ષ વગર જે કાંઈ પણ કરવામાં આવે છે તે જીવને બંધન છે. આ અમારું હૃદય છે. (૧૯૮)

(૨૧૬) બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને, તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ, વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. (૭૬)

(૨૧૭) શાસ્ત્રાદિકના જ્ઞાનથી નીવેડો નથી, પણ અનુભવજ્ઞાનથી નીવેડો છે. (૨૭૦)

(૨૧૮) સર્વ પ્રકારની ક્રિયાનો, યોગનો, જપનો, તપનો, અને તે સિવાયના પ્રકારનો લક્ષ એવો રાખજો કે–આત્માને છોડવા માટે સર્વે છે, બંધન માટે નથી. (૧૮૩)

(૨૧૯) સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્તે છે, અને જે તે નિશ્ચયને આરાધે છે, તેને જ જ્ઞાન સમ્યક્ પરિણામી થાય છે, –એ વાત આત્માર્થી જીવે અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે. અમે જે આ વચન લખ્યાં છે તેનાં સર્વ જ્ઞાનીપુરુષો સાક્ષી છે. (૭૧૯)

(૨૨૦) 'એકને જાણ્યો તેણે સર્વ જાણ્યું; જેણે સર્વને જાણ્યું તેણે એકને જાણ્યો.' –આ વચનામૃત એમ ઉપદેશે છે કે એક આત્મા જ્યારે જાણવા માટે પ્રયત્ન કરશે, ત્યારે સર્વ જાણ્યાનું પ્રયત્ન થશે, અને સર્વ જાણ્યાનું પ્રયત્ન એક આત્મા જાણવાને માટે છે. (૬૪)

(૨૨૧) સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ માત્ર એક આત્મજ્ઞાન કરવું એ છે. જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે. (૫૬૯)

(૨૨૨) આત્મા અત્યંત સહજ અવસ્થા પામે, એ જ સર્વ જ્ઞાનનો સાર શ્રી સર્વજ્ઞે કહ્યો છે. (૫૯૩)

(૨૨૩) 'જ્ઞાનનું ફળ વિરતિ છે' –વીતરાગનું

આ વચન સર્વ મુમુક્ષુઓએ નિત્ય સ્મરણમાં રાખવા યોગ્ય છે.

જે વાંચવાથી, સમજવાથી, તથા વિચારવાથી આત્મા વિભાવથી, વિભાવના કાર્યોથી, અને વિભાવના પરિણામથી ઉદાસ ન થયો, વિભાવનો ત્યાગી ન થયો, વિભાવના કાર્યોનો અને વિભાવના ફળનો ત્યાગી ન થયો, તો તે વાંચવું, તે વિચારવું અને તે સમજવું અજ્ઞાન છે. (૭૪૯)

(૨૨૪) **આત્માને અનંતભ્રમણામાંથી સ્વરૂપમય પવિત્ર શ્રેણીમાં આણવો એ કેવું નિરૂપમ સુખ છે, તે કહ્યું કહેવાતું નથી, લખ્યું લખાતું નથી, અને વિચાર્યું વિચારાતું નથી.** (૬૨)

(૨૨૫) જીવ વિભાવ પરિણામમાં વર્તે તે વખતે કર્મ બાંધે, અને સ્વભાવપરિણામમાં વર્તે તે વખતે કર્મ બાંધે નહિ, –એમ સંક્ષેપમાં પરમાર્થ કહ્યો.

પણ જીવ સમજે નહિ, તેથી વિસ્તાર કરવો પડયો, –જેમાંથી મોટા શાસ્ત્રો રચાયાં. (૬૮૮)

(૨૨૬) કર્તા–ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય, વૃત્તિ વહે નિજભાવમાં થયો અકર્તા ત્યાંય. (આત્મસિદ્ધિ)

(૨૨૭) હે આર્ય! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. તે આ પુરુષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહીં. (૮૬૬)

(૨૨૮) 'સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમહેતુ હોય જો.'

(૨૨૯) સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગદશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે. (૭૮૧)

(૨૩૦) 'સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ' –હે આર્યજનો! આ પરમ વાક્યનો આત્માપણે તમે અનુભવ કરો. (૮૩૨)

(૨૩૧) બીજા પદાર્થોમાં જીવ જો નિજબુદ્ધિ કરે, તો પરિભ્રમણદશા પામે છે; અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે. (૫૩૯)

(૨૩૨) શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું–એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય. (૬૯૨)

(૨૩૩) વીતરાગ પુરુષોનો ધર્મ જે દેહાદિ સંબંધીથી હર્ષવિષાદવૃત્તિ દૂર કરી, આત્મા અસંગ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે એવી વૃત્તિનો નિશ્ચય અને આશ્રય ગ્રહણ કરી, તે જ વૃત્તિનું બળ રાખવું.

(૨૩૪) મંદવૃત્તિ થાય ત્યાં વીતરાગ પુરુષોની દશાનું સ્મરણ કરવું. (૮૪૩)

(૨૩૫) પરમયોગી એવા ઋષભદેવાદિ પુરુષો

પણ જે દેહને રાખી શક્યા નથી તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે, તે એ કે તેનો સંબંધ વર્તે ત્યાંસુધીમાં જીવે અસંગપણું નિર્મોહપણું કરી લઈ અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વભાવ પ્રત્યેથી વ્યાવૃત્ત થવું, –કે જેથી ફરી જન્મમરણનો ફેરો ન રહે. (૭૮૦)

(૨૩૬) દેહ તે આત્મા નથી, આત્મા તે દેહ નથી. ઘડાનો જોનાર જેમ ઘડાથી ભિન્ન છે, તેમ દેહનો જોનાર–જાણનાર એવો આત્મા તે દેહથી ભિન્ન છે. (૪૨૫)

(૨૩૭) દેહથી ભિન્ન, સ્વપરપ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ.

હે આર્યજનો! અંતર્મુખ થઈ, સ્થિર થઈ, આત્મામાં જ રહો, તો અનંત અપાર આનંદ અનુભવાશે. (૮૩૨)

(૨૩૮) સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ, માત્ર એકાન્ત શુદ્ધ અનુભવરૂપ હું છું. ત્યાં વિક્ષેપ શો?

વિકલ્પ શો?

ભય શો?

ખેદ શો?

બીજી અવસ્થા શી? (૮૩૩)

(૨૩૯) **દુષમકાળમાં એકાવતારીપણું**

શ્રીમદ્‌રાજચંદ્રજી પચીસવર્ષની વયે ભવના અંતનો ભણકાર કરતાં લખે છે કે "વર્તમાનકાળ દુષમ કહ્યો છે, છતાં તેને વિષે અનંતભવ છેદી માત્ર એક ભવ બાકી રહે એવું એકાવતારીપણું પ્રાપ્ત થાય એવું પણ છે. માટે વિચારવાન જીવે તે લક્ષ રાખી, ઉપર કહ્યા તેવા પ્રવાહોમાં ન પડતાં, યથાશક્તિ વૈરાગ્યાદિ અવશ્ય આરાધી, સદ્‌ગુરુનો યોગ પ્રાપ્ત કરી, કષાયાદિ દોષ છેદ કરવાવાળો એવો, અને અજ્ઞાનથી રહિત થવાનો સત્ય માર્ગ પ્રાપ્ત કરવો. (૪૨૨)

(૨૪૦) (વર્ષ ૨૯ મું, પૃ. ૫૧૬, અંક ૭૦૬) (કારતક સુદ સં. ૧૯૪૯)

* પત્રની શરૂઆતમાં 'સહજાત્મસ્વરૂપ' ને યાદ કર્યું છે.

* ઘણે સ્થળે વિચારવાન પુરુષોએ એમ કહ્યું છે કે જ્ઞાન થયે કામ, ક્રોધ, તૃષ્ણાદિ ભાવ નિર્મૂળ થાય. તે સત્ય છે, તથાપિ તે વચનોનો એવો પરમાર્થ નથી કે જ્ઞાન થયા પ્રથમ તે મોળાં ન પડે કે ઓછાં ન થાય. મૂળ સહિત છેદ તો જ્ઞાને કરીને થાય. પણ કષાયાદિનું મોળાપણું કે ઓછાપણું ન થાય ત્યાંસુધી જ્ઞાન ઘણું કરીને ઉત્પન્ન જ ન થાય.

* જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર મુખ્ય સાધન છે; અને તે વિચારને વૈરાગ્ય તથા ઉપશમ બે મુખ્ય આધાર છે, એમ જાણી તેનો નિરંતર લક્ષ રાખી તેવી પરિણતિ કરવી ઘટે.

* એમ અનુભવમાં આવે છે કે ખરેખરો મુમુક્ષુ હોય તેને સત્પુરુષની ‘આશ્રયભક્તિ’ અહંભાવાદિ છેદવાને માટે અને અલ્પકાળમાં વિચારદશા પરિણામ પામવાને માટે ઉત્કૃષ્ટ કારણરૂપ થાય છે.

* લૌકિક માનઆદિનું તુચ્છપણું સમજવામાં આવે તો તેની વિશેષતા ન લાગે.

* માંડમાંડ આજીવિકા ચાલતી હોય તો પણ મુમુક્ષુને તે ઘણું છે.

* પરમાર્થ આત્મા શાસ્ત્રમાં વર્તતો નથી, સત્પુરુષમાં વર્તે છે. ( ૭૦૬ )

( ચાલુ )

# ચોથા ગુણસ્થાનની ચાર વસ્તુ

**પ્રશ્નઃ-** **ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ અનુભૂતિ હોય ? અતીન્દ્રિય આનંદ હોય ? નિશ્ચય સમ્યક્ત્વ હોય ? અતીન્દ્રિયજ્ઞાન હોય ?**

**ઉત્તરઃ-** **હા; એ ચારે પરમ વસ્તુ પૂર્વક જ ચોથું ગુણસ્થાન પ્રગટે છે. તે વખતે નિર્વિકલ્પઅનુભૂતિ હોય છે, તે વખતે અતીન્દ્રિય આનંદનું વેદન હોય છે; તે વખતે નિશ્ચય સમ્યક્ત્વ થયું છે, ને જ્ઞાનમાં ઇન્દ્રિયોનું અવલંબન છૂટીને અંશે અતીન્દ્રિયપણું થયું છે. નિર્વિકલ્પઅનુભૂતિ સદાકાળ ભલે ન હોય પણ ચોથું ગુણસ્થાન પ્રગટવાના કાળે તો જરૂર હોય છે. -આ ચાર વસ્તુ વગર ધર્મ કે મોક્ષમાર્ગની શરૂઆત થતી નથી, સાધકપણું થતું નથી. એના વગર પણ જે ચોથું ગુણસ્થાન માને તેને ધર્મની કે ચોથા ગુણસ્થાનની પણ ખબર નથી, એટલે કે સમ્યગ્દર્શનની ખબર નથી; ‘સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ તેણે જાણ્યો નથી.’**

**“કેલિ કરે શિવમારગમેં...**
**જગમાંહી જિનેશ્વરકે લઘુનંદન.”**

**- એવા સમ્યગ્દ્રષ્ટિઓને વંદન.**

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

## ( સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ )

**પ્રશ્નઃ-** અલોકાકાશમાં અંધારું છે કે અજવાળું? (No. 465)

**ઉત્તરઃ-** બેમાંથી એક્કેય ન હોય. અલોકાકાશ એ અરૂપી વસ્તુ છે; અંધકાર કે પ્રકાશ એ બંને તો રૂપી પુદ્ગલની પર્યાયો છે, એટલે અરૂપી આકાશમાં તે ક્યાંથી હોય? અલોકાકાશમાં પુદ્ગલનો જ અભાવ છે, તો પુદ્ગલજન્ય અંધકાર કે પ્રકાશ ત્યાં કેમ હોય? –એ જ રીતે અરૂપી આત્મામાં પણ અંધારું કે અજવાળું નથી. હા, જ્ઞાનપ્રકાશની અપેક્ષાએ આત્મામાં પ્રકાશ કહેવો હોય તો કહેવાય.

**પ્રઃ-** અરિહંત ભગવાનને શરીર શા માટે છે? (No. 180 ચેતનાબેન)

ઉઃ- કેમકે તેઓ હજી ‘સિદ્ધ’ થયા નથી.

**પ્રઃ-** હું મારાથી થાય એટલો પુરુષાર્થ કરું છું છતાં જ્ઞાન કેમ નથી થતું? (No. 979)

ઉઃ- જ્ઞાન માટે જ્ઞાનની જાતનો પુરુષાર્થ કરીએ તો જ્ઞાન જરૂર થાય. રાગના પુરુષાર્થ વડે જ્ઞાન ન થાય.

**પ્રઃ-** ચક્રવર્તી છ ખંડનો દિગ્વિજય કરે છે તે છ ખંડ કયા? (No. 172)

ઉઃ- આ માટે મોક્ષશાસ્ત્રમાં જંબુદ્વીપના નકશામાં ભરતક્ષેત્ર છે–તે જોશો તો ખ્યાલ આવશે. આ ભરતક્ષેત્રની વચ્ચે વિજયાર્દ્ધ પર્વત છે ( જે પૂર્વથી પશ્ચિમ દિશામાં છે, ને વચ્ચે લાઈન કરી હોય તેમ ભરતક્ષેત્રના બે ભાગ કરે છે; તથા ગંગા અને સિંધુ નામની બે મોટી નદી ઉત્તરથી દક્ષિણ તરફ વહે છે, તે બે નદીને કારણે ઉપરોક્ત બંને ભાગોમાંથી દરેકના ત્રણ ત્રણ ખંડ થઈ જાય છે–આ રીતે ભરતક્ષેત્રના છ ખંડ થાય છે. આ સમજવા માટે તમે એક કાગળમાં તમારા હાથે અર્ધગોળ કરો. પછી તેમા પૂર્વ પશ્ચિમ છેડે એક સળંગ લીટી દોરો તથા બીજી બે લાઈન ઉત્તર ને દક્ષિણ છેડા વચ્ચે કરો–એટલે છ ભાગ સમજાઈ જશે. બાકી તો મહાપુરાણ વગેરેમાં તેનું વર્ણન વિસ્તારથી આવે છે, તે વાંચશો.

**પ્ર:-** સુખ એટલે શું ? દુ:ખ એટલે શું ? ( જગદીશ જૈન ફતેપુર )

ઉ:- આત્માના અનાકુળ–શાંતસ્વભાવનું વેદન તે સુખ; ને રાગાદિ આકુળતાનું વેદન તે દુ:ખ.

**પ્ર:-** જીવ મતિ–શ્રુતજ્ઞાનનો વ્યય કરીને કેવળજ્ઞાનનો ઉત્પાદ કરે છે. તો વચ્ચે મુનિદશામાં તેને અવધિજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાન થતા હશે કે નહીં ? (પરેશ જૈન No. 320)

ઉ:- કોઈને થાય, ને કોઈને ન પણ થાય.

પ્ર:– આપણા બાલવિભાગમાં ૪૨૦ નંબરના સભ્ય કોણ છે ?

ઉ:- કોઈ જ નહીં; ૪૨૦ નંબર કોઈના નથી; ૪૧૯ નંબર પછી સીધા ૪૨૧ આવે છે; કેમકે આપણા બાલવિભાગમાં ૪૨૦ કોઈ નથી.

**પ્ર:-** ૐ [ **ओम्** ] નો અર્થ પંચપરમેષ્ઠી થાય છે, તે સાચું છે ? ( હસમુખ જૈન No. 665 જામનગર )

| | |
|---|---|
| અરિહંતનો | अ |
| અશરીરી સિદ્ધનો | अ |
| આચાર્યનો | आ |
| ઉપાધ્યાયનો | उ |
| મુનિરાજનો | म् |

આ પ્રમાણે પંચપરમેષ્ઠીના આ પાંચ પ્રથમ અક્ષરોની સંધિ કરતાં '**ओम्**' ૐ થાય છે; તેથી ૐ માં પંચપરમેષ્ઠી આવી જાય છે – એમ કહેવામાં આવે છે. તીર્થંકર પ્રભુની દિવ્યવાણીને પણ ૐ કહેવામાં આવે છે

આપણે જિનમંદિરમાં ભગવાનના દર્શન–પૂજનાદિ કરતા હોઈએ ત્યારે એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે પાછળના સાધર્મીઓને પ્રભુદર્શન કરવામાં અંતરાય નથી થતો ને ? બરાબર સન્મુખ ન ઉભા રહેતાં એક બાજુમાં એવી રીતે રહેવું જોઈએ કે પાછળના સૌને પણ ખુશીથી ભગવાનનાં દર્શન થાય. જિનમંદિરમાં વાતચીત એવી રીતે ન કરવી જોઈએ કે બીજાને પૂજનાદિમાં વિઘ્ન થાય. શાસ્ત્રપ્રવચન વખતે પણ વિનય ને ગંભીરતા જાળવવી જોઈએ.

**પ્ર:-** અવધિજ્ઞાન અને જાતિસ્મરણજ્ઞાનમાં શું ફેર ? જાતિસ્મરણજ્ઞાન સમ્યગ્જ્ઞાનીને જ હોય કે મિથ્યાદ્રષ્ટિને પણ હોય ? (No. 117 દિલ્હી)

ઉ:- જાતિસ્મરણજ્ઞાન તે મતિજ્ઞાનનો એક પ્રકાર છે. જાતિસ્મરણજ્ઞાન સમ્યગ્દ્રષ્ટિને તેમજ મિથ્યાદ્રષ્ટિને પણ હોઈ શકે છે. જાતિસ્મરણજ્ઞાન એટલે પૂર્વભવનું જ્ઞાન, તે

બધા સમ્યગ્દ્રષ્ટિને હોય જ એવો કાંઈ નિયમ નથી. જાતિસ્મરણજ્ઞાનમાં માત્ર પૂર્વના એક જ ભવનું નહિ પણ અનેક ભવોનુંય જ્ઞાન કોઈને હોઈ શકે છે. જાતિસ્મરણ સંબંધમાં એક એવી મર્યાદા છે કે વચ્ચે જ્યાં અસંજ્ઞીપણાનો ભવ આવી જાય તો ત્યાંથી આગળનું સ્મરણ થઈ શકે નહિ; કેમકે વચ્ચે અસંજ્ઞીપણું આવી જતાં પૂર્વની ધારણા ચાલુ રહી શકે નહીં. ધર્મસંબંધી જાતિસ્મરણજ્ઞાન તે વિશેષ વૈરાગ્યનું કારણ થાય છે. ઘણા તીર્થંકરો જાતિસ્મરણજ્ઞાન થતાં જ સંસારથી વિરક્ત થયા છે. બધાય તીર્થંકરોને અવધિજ્ઞાન તો જન્મથી હોય જ, કેટલાક આરાધક જીવો પણ એક ભવમાંથી બીજા ભવમાં અવધિજ્ઞાન સાથે લઈને જાય. પણ જાતિસ્મરણજ્ઞાન કોઈને જન્મથી ન હોય. એ તો નવું થાય છે. જાતિસ્મરણજ્ઞાનવાળાને પોતાના પૂર્વભવનો ખ્યાલ આવે છે, પરંતુ બીજા જીવોના પૂર્વભવોનો પણ તેને ખ્યાલ આવી જ જાય એવો કોઈ નિયમ નથી. –આવે પણ ખરો.

❁ સંવરતત્ત્વની પૂર્ણતા ક્યારે ? ચૌદમા ગુણસ્થાનના પહેલા સમયે.

❁ નિર્જરાતત્ત્વની પૂર્ણતા ક્યારે ? ચૌદમા ગુણસ્થાનના છેલ્લા સમયે.

પોલીસ સરવીસમાં ઉચ્ચ હોદ્દો ધરાવનાર ભાઈશ્રી છબીલદાસભાઈ લખે છે– "આપે મોકલાવેલ 'દર્શન કથા' પુસ્તક વાંચ્યું; પુસ્તક ઘણું જ સુંદર છે, તથા ધાર્મિકસંસ્કારો માટે ઘણું જ આદર્શરૂપ લાગેલ છે...પૂ. ગુરુદેવ પાસે છેવટનું જીવન પસાર કરવાની હૃદયની ભાવના છે...આ અશરણ સંસારમાં આપણે બધા સાથે સિદ્ધપદને આરાધીએ–એ જ ભાવના છે." (બાલવિભાગના સ્વર્ગસ્થ સભ્ય બેન ઈન્દિરાના આ પિતાજી છે.)

❁ **પ્ર**:- નિશ્ચયનય અને વ્યવહારનયમાં શું તફાવત છે ?

ઉ:- નિશ્ચયનય સ્વાશ્રિત છે, ને વ્યવહારનય પરાશ્રિત છે; અથવા વધારે સૂક્ષ્મતાથી કહીએ તો, નિશ્ચયનય આત્માના શુદ્ધ ભૂતાર્થ સ્વભાવને દેખે છે, ને વ્યવહારનય અશુદ્ધ–અભૂતાર્થ ભાવોને દેખે છે; તેથી નિશ્ચયનયનો આશ્રય કરવા જેવો છે ને વ્યવહારનયનો આશ્રય છોડવા જેવો છે. આ સંબંધમાં કુંદકુંદાચાર્યદેવે સમયસારમાં કહેલ સિદ્ધાંત સુપ્રસિદ્ધ છે કે–

"નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની"

તેમજ–

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે,**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદ્રષ્ટિ નિશ્ચય હોય છે. (૧૧)**

ઉપરની ગાથામાં આચાર્યદેવે બંને નયોનું સ્વરૂપ સમજાવીને ધર્મ સાધવાનો મહા સિદ્ધાંત રજૂ કર્યો છે.

**પ્રઃ-** પ્રાગભાવ, પ્રધ્વંસઅભાવ, અન્યોન્યઅભાવ અને અત્યંતઅભાવ એ ચાર અભાવ ન માનવામાં આવે તો શો દોષ આવે ?

ઉઃ- દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ વસ્તુસ્વરૂપની ઓળખાણમાં એ ચારે અભાવનો સ્વીકાર આવી જાય છે. બાકી તો આ ન્યાયશાસ્ત્રનો વિષય હોવાથી બહુ વિસ્તાર કરવો પડે. ટૂંકમાં એટલું કે–જો પ્રાક્–અભાવ ન માનીએ તો જીવની પર્યાય અનાદિના મિથ્યાત્વાદિ ભાવમાં જ વર્ત્યા કરે. નવું કાર્ય થાય જ નહિ. અને જો પ્રધ્વંસઅભાવ ન માનીએ તો ભવિષ્યના કેવળજ્ઞાનાદિ અત્યારે જ હોય. અત્યંત અભાવ ન માનીએ તો બધી વસ્તુઓ એકબીજામાં ભળી જાય, કોઈ વસ્તુનું સ્વતંત્ર અસ્તિત્વ જ ન રહે; અને પુદ્ગલમાં અન્યોન્યઅભાવ ન માનીએ તો સોનું કે પથ્થર, સાકર કે ઝેર વગેરે પર્યાયોમાં કોઈ ભેદ જ ન પડી શકે.

**પ્રઃ-** કાળદ્રવ્ય ક્યાં નથી ?

ઉઃ- આત્મામાં અને અલોકમાં.

**પ્રઃ-** આંધળા અને બહેરા મનુષ્યને કેટલા પ્રાણ હોય ?

ઉઃ- બધાય. ( આ પ્રશ્નના જવાબમાં અગાઉ એકવાર ભૂલથી એમ લખાઈ ગયેલું કે પરસેવો વગેરેમાં અસંજ્ઞી મનુષ્ય પણ અસંખ્યાત ઉત્પન્ન થાય છે તેમને મનપ્રાણ હોતા નથી, –એ વાત બરાબર નથી. પરસેવો વગેરેમાં સંમૂર્છન મનુષ્યજીવો ઉત્પન્ન થાય છે એ ખરું પણ તે બધા સંજ્ઞી જ હોય છે. અસંજ્ઞી જીવો ફકત તિર્યંચગતિમાં જ છે, બીજી કોઈ ગતિમાં નથી.

**પ્રઃ-** દેવગતિના દેવો કેમ દુઃખી છે ?

ઉઃ- ભાઈશ્રી, દેવગતિમાંય અસંખ્યાતા સમ્યગ્દ્રષ્ટિજીવો પરમ સુખી છે તેમને ભૂલી ન જશો. તેમને કાંઈ દેવગતિનું સુખ નથી પણ આત્માના સમ્યક્ત્વાદિનું સુખ છે. એટલે દેવગતિમાં જેઓ દુઃખી છે તેઓને પણ પોતાના મિથ્યાત્વાદિ પરિણામનું જ દુઃખ છે. ( છહ્ઢાળા વગેરેમાં દેવીનો વિયોગ ઇત્યાદિ પ્રકારના દુઃખોનું જે વર્ણન છે તે નિમિત્તથી છે. ) દરેક જીવને પોતાના રાગ–દ્વેષ–મોહનું જ દુઃખ છે; પછી તે નરકમાં હો કે સ્વર્ગમાં.

**પ્રઃ-** મોક્ષ શું છે ? ક્યાં છે ? કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ?

ઉઃ- મોક્ષ એટલે છૂટકારો; આત્માની અવસ્થામાં જે કર્મબંધ અને અશુદ્ધતા છે તેનાથી છૂટકારો થઈને પૂર્ણ શુદ્ધદશાની પ્રાપ્તિ થાય તેનું નામ મોક્ષ; ( મોક્ષ કહ્યો

નિજશુદ્ધતા ) આત્મા પરભાવોથી છૂટીને પૂર્ણાનંદ સિદ્ધદશા પામે–તેનું નામ મોક્ષ. તે મોક્ષ આત્માની શુદ્ધપર્યાયમાં છે, અને બહારના ક્ષેત્રની અપેક્ષાએ અઢી દ્વીપમાં મોક્ષ થાય છે. તેની પ્રાપ્તિ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના વડે થાય છે.

**પ્ર**:- જીવ મૂર્તિક છે કે અમૂર્તિક ? તે કેવડો મોટો છે ?

ઉ:- જીવ અમૂર્તિક છે; તે સિદ્ધભગવાન જેવડો મોટો છે. ને અસંખ્યાતપ્રદેશી છે. સંસારદશા વખતે તેનો આકાર સ્વદેહપ્રમાણ હોય છે, ને મુક્તદશામાં અંતિમદેહથી જરાક ઓછો આકાર હોય છે.

**પ્ર**:- જ્ઞાનીને ઊંઘમાં પણ આત્માનું જ્ઞાન હોય ?

ઉ:- અહો, એની શી વાત ! જ્ઞાન અને રાગના જુદા વેદનથી જે ભેદજ્ઞાન થયું તે ઊંઘ વખતેય જ્ઞાનીને વર્તે જ છે. ઊંઘમાંય તેને રાગ સાથે એકતાબુદ્ધિનું વેદન થતું નથી, ચૈતન્યભાવને રાગથી ભિન્નપણે જ તે વેદે છે.

## સૌરાષ્ટ્રમાં પૂ. ગુરુદેવનો મંગલ વિહાર

સૌરાષ્ટ્રના અનેક ગામોના મુમુક્ષુ મંડળો અને શ્રી સંઘો પૂ. ગુરુદેવને પધારવાની વિનંતિ કરવા આ માસમાં આવ્યા હતા. તે અનુસાર સોનગઢમાં ફાગણ સુદ બીજના ઉત્સવ બાદ ગુરુદેવનો વિહાર શરૂ થશે–જે અંદાજ અઢી માસ જેટલો હશે; તેમાં–લાઠી, રાજકોટ, વડાલ, પોરબંદર, જેતપુર, ગોંડલ, વડીઆ, મોરબી, વાંકાનેર, સુરેન્દ્રનગર, વઢવાણ, જોરાવરનગર, વીંછીયા ને ઉમરાળા–એ ગામોનો કાર્યક્રમ વિચારાઈ રહ્યો છે. સંપૂર્ણ કાર્યક્રમ નિશ્ચિત થયે હવે પછી પ્રગટ થશે. ( તા. ૨૯–૧૧–૬૭ )

બેસતા વર્ષે ગુરુદેવના દર્શન કરવા આવેલા સોનગઢના દરબાર કહે છે કે-અમારે તો અહીં કલ્પવૃક્ષ ઊગ્યું છે...દુનિયા આખી દુ:ખી છે, પણ અહીં આપની પાસે આવ્યા તે બધા સુખી છે.




**ગતાંકના પ્રશ્નોના જવાબ-**

(૧) જીવ અને શરીર, તેમાં જીવ અરૂપી છે, શરીર રૂપી છે. એટલે બંને જુદા છે.

(૨) મરૂદેવી માતાના લાડકવાયા પુત્ર ભગવાન ઋષભદેવ.

ત્રિશલા માતાના પુત્ર ભગવાન મહાવીર.

શિવાદેવી માતાના પુત્ર ભગવાન નેમિનાથ.

અચિરા માતાના પુત્ર ભગવાન શાંતિનાથ.

(૩) તિર્યંચ, નરક, દેવ, મનુષ્ય અને સિદ્ધ-એ પાંચગતિ છે; તેમાંથી શ્રી મહાવીર ભગવાન અત્યારે મોક્ષમાં એટલે સિદ્ધગતિમાં બિરાજે છે.

શ્રી સીમંધર ભગવાન અત્યારે અર્હંતપણે મનુષ્યગતિમાં વિચરે છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવ અત્યારે દેવપણે દેવગતિમાં બિરાજે છે.

તે સૌને નમસ્કાર હો.

(૪) દશ વસ્તુમાંથી, આપણે મોક્ષ જશું ત્યારે આપણી પાસે-સમ્યગ્દર્શન, સુખ, જ્ઞાન ને અસ્તિત્વ એ ચાર વસ્તુ હશે; બાકીની છ વસ્તુ-પુણ્ય, પાપ, શરીર, દુઃખ, આસ્રવ, નિર્જરા-તે મોક્ષમાં હોતી નથી.

કોયડાનો જવાબ- “મહાવીર”

* * *

**ગતાંકમાં પૂછેલી પાંચ વસ્તુની પૂર્ણતા**

૨૧ **પાંચ અરૂપી દ્રવ્યોઃ** ધર્મ, અધર્મ, આકાશ, કાળ, જીવ.

૨૨ **પાંચ અસ્તિકાયઃ** જીવ, ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ.

૨૩ **પાંચ અજીવ દ્રવ્યોઃ** પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ, આકાશ.

૨૪ **પાંચ આચાર**: દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર.

૨૫ **પાંચ વ્રત**: અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ.

૨૬ **પાંચ આસ્રવ**: મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ.

૨૭ **પાંચ પાપ**: હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ.

૨૮ **પાંચ પાંડવ**: યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ, સહદેવ.

૨૯ **પાંચ ભરતક્ષેત્ર**: ધાતકીદ્વીપમાં બે, પુષ્કરદ્વીપમાં બે, જંબુદ્વીપમાં એક.

૩૦ **પાંચ ઐરવતક્ષેત્ર**: ધાતકી દ્વીપમાં બે, પુષ્કરદ્વીપમાં બે, જંબુદ્વીપમાં એક.

[ નં. ૨૮ પાંચ પાંડવો બાબત વિશેષતા: પાંડવ એટલે પાંડુરાજાના પુત્રો, –તેઓ ખરેખર પાંચ નહીં પણ છ હતા; છઠ્ઠા કર્ણ. તે સૌથી મોટા હતા. પણ મહાભારતના યુદ્ધમાં તેઓ પોતાના ભાઈ અર્જુનના હાથે જ મૃત્યુ પામ્યા. છેવટે કર્ણ સિવાયના પાંચ પાંડવો દીક્ષા લઈને સૌરાષ્ટ્રમાં શત્રુંજય ઉપર પધાર્યા હતા, ત્યાં ત્રણ મોક્ષ પામ્યા, ને બે સર્વાર્થસિદ્ધિમાં ગયા. આથી શત્રુંજય તે સિદ્ધક્ષેત્ર છે. ]

## નીચેના દશ બોલમાં પાંચ વસ્તુ પૂરી કરો-

૩૧ **( પાંચ સમિતિ )** ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપણસમિતિ......

૩૨ **( પાંચ પરાવર્તન )** દ્રવ્યપરાવર્તન, ક્ષેત્રપરાવર્તન, કાળપરાવર્તન, ભવપરાવર્તન,......

૩૩ **( પાંચ હેયતત્ત્વો; છોડવા જેવા )** અજીવ, પુણ્ય, આસ્રવ, બંધ, ......

૩૪ **( પાંચ ટૂંક ગીરનારની )** ૧– જિનમંદિર અને રાજુલની ગૂફા, ૨– અનિરૂદ્ધ ટૂંક, ૩– શંબુકુમારની ટૂંક, ૪–પદ્યુમ્નની ટૂંક, ૫–......

૩૫ **( પાંચ અક્ષર પરમેષ્ઠીના )** अ... सि... आ... उ... ...

૩૬ **( પાંચ પરમેષ્ઠીના પ્રથમ અક્ષર ॐ માં )** अ...अ...आ...उ ... ...

૩૭ **( પાંચ લઘુસ્વર; અયોગીગુણસ્થાનના કાળનું માપ ) अ इ उ ऋ**

૩૮ **( પાંચ શરીર )** ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ,.........

૩૯ **( પાંચ સ્થાવર )** પૃથ્વીકાયિક, અપ્કાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક......

૪૦ **( પાંચ ત્રસ )** બેઇન્દ્રિય, ત્રિ–ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય–અસંજ્ઞી, ......

## ❁ અમે જિનવરના સંતાન ( નવા સભ્યોના નામ ) ❁

૧૯૬૩ સ્મિતાબેન કે. જૈન મુંબઈ–૭૭
૧૯૬૪ વર્ષાબેન જયંતિલાલ જૈન ભાવનગર
૧૯૬૫ ઈલાબેન જયંતિલાલ જૈન ”
૧૯૬૬ પ્રવિણાબેન ડાહ્યાલાલ જૈન મુડેટી
૧૯૬૭ અરૂણાબેન ડાહ્યાલાલ જૈન ”
૧૯૬૮ દિલીપકુમાર ડાહ્યાલાલ જૈન ”
૧૯૬૯ જિનેશકુમાર બાબુભાઈ જૈન વિદ્યાનગર
૧૯૭૦ સ્મિતાબેન બાબુભાઈ જૈન ”
૧૯૭૧ નીતાબેન બાબુભાઈ જૈન ”
૧૯૭૨ પ્રેરણાબેન ચંદ્રવદનભાઈ જૈન અમદાવાદ
૧૯૭૩ જ્યોતીબેન ચંદ્રવદનભાઈ જૈન ”
૧૯૭૪ કનકબાળા રતીલાલ જૈન જોરાવરનગર
૧૯૭૫ વસંતરાય રતીલાલ જૈન ”
૧૯૭૬ નીલાક્ષીબેન નવિનચંદ્ર જૈન અમદાવાદ
૧૯૭૭ જીતેનકુમાર નવિનચંદ્ર જૈન ”
૧૯૭૮ દક્ષાબેન નવિનચંદ્ર જૈન ”
૧૯૭૯ મૌલીક નવિનચંદ્ર જૈન ”
૧૯૮૦ નવનીત અમૃતલાલ જૈન જાંબુડી
૧૯૮૧ રમેશચંદ્ર અમૃતલાલ જૈન ”
૧૯૮૨ રાજેન્દ્રકુમાર ચંદુલાલ જૈન ”
૧૯૮૩ ભરતકુમાર ચંદુલાલ જૈન ”
૧૯૮૪ પ્રવિણાબેન કાન્તીલાલ જૈન ”
૧૯૮૫ વિજયકુમાર કાન્તીલાલ જૈન જાંબુડી
૧૯૮૬ જયેશકુમાર વસંતરાય જૈન પાલીતાણા
૧૯૮૭ બીમલકુમાર વસંતરાય જૈન ”
૧૯૮૮ પ્રીતીબેન વસંતરાય જૈન ”
૧૯૮૯ લાલચંદ જૈન કલકત્તા
૧૯૯૦ દિનેશચંદ્ર અમૃતલાલ જૈન પ્રાંતિજ
( સરનામું મોકલો )
૧૯૯૧ પ્રબોધકુમાર આર. જૈન ન્યૂયોર્ક
૧૯૯૨ અરવિંદકુમાર એમ. જૈન ભાવનગર
૧૯૯૩ મીનાકુમારી એન. જૈન મુંબઈ
૧૯૯૪ વિક્રમકુમાર એન. જૈન મુંબઈ
૧૯૯૫ હિનાબેન દોલતરાય જૈન ગઢસીયા
૧૯૯૬ મનીષાબેન દોલતરાય જૈન ”
૧૯૯૭ હર્ષાબેન દોલતરાય જૈન ”
૧૯૯૮ બીપીનચંદ્ર વૃજલાલ જૈન સોનગઢ
૧૯૯૯ મીલનકુમાર ધીરજલાલ જૈન મુંબઈ–૨
૨૦૦૦ દિલીપકુમાર ધીરજલાલ જૈન જસદણ
૨૦૦૧ નીરલાકુમારી જૈન ઉમરાળા
૨૦૦૨ દિપકકુમાર ધીરજલાલ જૈન મુંબઈ–૨
૨૦૦૩ નરેન્દ્રકુમાર જૈન રાજકોટ
૨૦૦૪ રમેશચંદ્ર હરિભાઈ જૈન પાલનપુર

## ગતાંકના જવાબ લખનાર સભ્યોના નંબર

| | |
|---|---|
| ૨૧૮ ૩૭૯ ૩૧૮ ૧૩૫૧ ૧૭૪૩ ૭૭૫ ૧૫૭૪ ૪૧૩–A ૪૧૩– B ૧૩૨ ૮૦ ૪ ૩ ૨ ૧ ૩૭૨ ૬૬ ૧૭૦૦ ૧૧૭૬ ૧૧૭૫ ૮૬૪ ૩૭૪ ૭૭૪ ૧૯૫૦ ૧૪૪ ૧૪૪૮ ૯૮૪ ૧૮૫ ૪૬૭ ૩૮૪ ૮૯૩ ૬૪૩ ૧૬૮૪ ૪૫૬ ૯૦ | ૬૪૫ ૬૪૪ ૧૩૪૨ ૯૭૯ ૯૭૮ ૪૦ ૧૯૨૨ ૩૬૩ ૧૪૩ ૩૬૪ ૧૫૭૫ ૧૧૫ ૩૩૩ ૩૩૪ ૩૩૫ ૩૩૬ ૨૧૫ ૩૧ ૧૩૪૫ ૧૯૩૨ ૩૭૯ ૨૫૮ ૮૦ ૧૧૯ ૧૧૭ ૧૮૦ ૩૦૬ ૧૭૪૩ ૧૫૨૯ ૧૫૩૦ ૧૩૦૧ |

卐

## ધર્મવત્સલ બાલબંધુઓ !

તમારા ઘણાના પત્રો મળ્યા છે; કેટલાક સભ્યો તરફથી દીપાવલિ–અભિનંદનના પત્રો મળ્યા છે. તમારો સૌનો ધાર્મિક ઉલ્લાસભાવ, ને 'આત્મધર્મ' પ્રત્યેનો હાર્દિક પ્રેમ છે તે બદલ ધન્યવાદ !

વિશેષ હર્ષની વાત એ છે કે આપણા બાલવિભાગની સભ્યસંખ્યા આ અંકની સાથે **'બે હજાર'** નો આંક વટાવીને આગળ વધે છે. આ ઉત્સાહ બદલ બધા જ સભ્યોને ધન્યવાદ.

બધા સભ્યોને દીપાવલિકાર્ડ મોકલ્યા હતા, તેમાંથી કેટલાકના સરનામા અધૂરા હોવાથી પાછા આવ્યા છે. તો જેમને તે કાર્ડ મળ્યું ન હોય તેઓ પોતાનું પૂરું સરનામું ને સભ્યનંબર લખી મોકલશો, જેથી તે પ્રમાણે સુધારીને તમને કાર્ડ ફરીને મોકલીશું.

ધાંગધ્રા, રાજકોટ, જેતપુર, પ્રાંતિજ, અમદાવાદ વગેરેથી ઉલ્લાસ ભરેલા પત્રો મળ્યા છે, તે હવે પછી રજુ કરીશું.

-जयजिनेन्द्र

**નવા પ્રશ્ન-**

( ૧ ) આ ભરતક્ષેત્રમાં જ્યારે નીચેના મહાપુરુષો થયા ત્યારે ક્યા તીર્થંકરો આ ભરતભૂમિમાં વિચરતા હતા તે શોધી કાઢો–

શ્રીકૃષ્ણ; પાંડવો; શ્રેણીકરાજા; ભરતચક્રવર્તી; જંબુસ્વામી.

( ૨ ) નીચેના ગામોમાં જઈએ તો આપણને કયા મહાપુરુષો યાદ આવે છે ? તે લખો–

પોન્નૂર, શ્રવણબેલગોલ, અયોધ્યા, જુનાગઢ, સમ્મેદશિખરની છેલ્લી ટૂંક, પાવાપુરી, રાજગૃહી, શૌરીપુર, શત્રુંજય, હસ્તિનાપુર. ( એક જ નામ લખશો તો ચાલશે. )

( ૩ ) નીચેના મહાપુરુષો કયા ગામમાં થયા ?

ભરતચક્રવર્તી, રામચંદ્રજી, ઋષભદેવ, બાહુબલી, અનંતનાથ, અજિતનાથ, અભિનંદન ભગવાન, સુમતિનાથ.

આ અંકનો કોયડો–

ગતાંકમાં 'મહાવીર' ભગવાનનો કોયડો તમે ઉકેલ્યો, તે વાંચીને આપણા સભ્ય નં. ૧૭૫૪ રજનીભાઈએ પણ એવા જ ઉકેલવાળો કોયડો મોકલ્યો છે, જો કે તેનો ઉકેલ સહેલો છે, –છતાં ન જડે તો આત્મધર્મના આસોમાસના આપણા બાલવિભાગમાં ( ૩૫ મા પાને ) તેનો જવાબ સમાયેલો છે.–હવે તો શોધી કાઢશો ને ?

ચાર અક્ષરનું નામ છે, જગજાહેર ભગવાન છે.

પહેલો ને બીજો અક્ષર લેતાં 'ઘણું' એવો અર્થ થાય છે.

ત્રીજો ને ચોથો અક્ષર લેતાં 'બહાદૂર' એવો અર્થ થાય છે.

બીજો અને ચોથો અક્ષર લેતાં અર્જુન યાદ આવે છે.

ચોથા પછી બીજો અક્ષર લેતાં સોનું તોલવાનું માપ થાય છે. –ઓળખશો એ ભગવાનને ?

( એ છે તો મહાવીરભગવાન, છતાં એનો જવાબ ( મહાવીર' નથી. )

# આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા

**સોનગઢમાં કારતક સુદ પુનમે કલકત્તાવાળા મયાચંદ છગનલાલ શાહના પુત્રી શ્રી ઉષાબેને પૂ. ગુરુદેવસમક્ષ આજીવન બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી છે. તેઓ કુમારીકા છે, તેમની ઉંમર ૨૩ વર્ષની છે; અને કેટલાક વખતથી સોનગઢમાં રહીને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે. આ શુભકાર્ય બદલ તેમને ધન્યવાદ! અને તેઓ પોતાના હિતધ્યેયમાં આગળ વધે એવી શુભેચ્છા.**

રાજસ્થાનના સાયલા ગામે નુતન દિ. જિનાલયમાં ગત વૈશાખ સુદ દશમના રોજ જિનબિંબ–વેદીપ્રતિષ્ઠા થઈ છે; તેમાં દસલક્ષણીપર્વ ઘણા ઉલ્લાસથી ઉજવાયા હતા.

## વૈરાગ્ય સમાચાર

લાઠીના ભાઈશ્રી વીરચંદ વશરામના ધર્મપત્ની મણીબાઈ ભાદરવા વદી ત્રીજના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સં. ૨૦૨૨ ના આસો વદ ૧૨ ના રોજ બોટાદના ભાઈશ્રી શિવલાલ મૂલચંદના ધર્મપત્ની ભૂરીબેન સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટના ભાઈશ્રી વિનોદચંદ્ર પોપટલાલના ધર્મપત્ની જયશ્રીબેન ૧૮ વર્ષની વયે તા. ૩૧–૧૦–૬૭ ના રોજ ટાયફોડની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

ગોંડલ નિવાસી વૃજકુંવરબેન લીલાધર તા. ૬–૧૦–૬૭ ના રોજ રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટના ભાઈશ્રી શિવલાલ ટપુભાઈ તા. ૧૦–૧૧–૬૭ ના રોજ કેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. મૃત્યુ પહેલાના છેલ્લા દિવસની નોંધમાં તેમણે લખ્યું હતું કે "શરીર સાથેનો સંબંધ છોડીને અવિનાશી એવો આત્મા ચાલ્યો જશે તે નિઃશંક અને નક્કી પણ છે જ. શરીરના નાશથી આત્માનો નાશ થતો નથી." –ગુરુદેવ પ્રભુદાસભાઈ ઘીયાના નિમિત્તે રાજકોટ પધાર્યા ત્યારે શિવલાલભાઈને ત્યાં પણ દર્શન આપ્યા હતા ને તેથી તેઓ ઘણા પ્રસન્ન થયા હતા.

રાજકોટમાં તા. ૨૧–૧૧–૬૭ ના રોજ મનહરલાલ હરિલાલ ભીમાણીના માતુશ્રી ચંદ્રાબેન હૃદયરોગના હુમલાથી સ્વર્ગવાસ પામ્યા છે.

વઢવાણ શહેર નિવાસી જગજીવનદાસ મકનજી પારેખના ધર્મપત્ની મોતીબેન કારતક સુદ છઠ્ઠના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

–સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મની ઉપાસના વડે આત્મહિત પામો.

# વૈરાગ્ય સમાચાર

ગત કારતક સુદ પૂનમના રોજ રાણપુરના શેઠશ્રી પ્રેમચંદભાઈ મગનલાલ સોનગઢ-મુકામે એકાએક હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામી ગયા. હજી તો સાંજે પાંચ વાગ્યા સુધી પૂ. ગુરુદેવના ચરણસાન્નિધ્યમાં બેસીને વાતચીત કરતા ને પછી મુ. શ્રી રામજીભાઈ સાથે ચાલીને ઘરે જતા દેખાયેલા પ્રેમચંદભાઈ, પોણા સાત વાગે તો સ્વર્ગવાસ પામી ગયા. એ વાત સાંભળીને સૌ ચોંકી ઊઠયા હતા. તેઓ છેલ્લા દિવસે પરોઢિયે ભાવનગર ગોદિકાજીનું સન્માન કરવા ગયા, પ્રવચનમાં આવ્યા; બપોરે પ્રવચનમાં પણ હંમેશ મુજબ તેમણે પોતાનો પ્રમોદ વ્યક્ત કર્યો, ભક્તિમાં આવ્યા, ભક્તિ પછી ગુરુદેવ પાસે પાંચ વાગ્યા સુધી બેઠા...રામજીભાઈ સાથે વાત કરતાં કરતાં ઘેર ગયા, જમતી વખતે કહ્યું કે છાતીમાં જરા દુઃખે છે, જમ્યા પછી આરામ કરવા બેઠા...'આત્મસિદ્ધિ' વાંચતા હતા, પાણી પીધું ને ઓડકાર આવ્યો...કે બીજી જ પળે ખેલખલાસ! -પ્રેમચંદભાઈનું પ્રાણપંખેરૂં પળમાત્રમાં ઊડી ગયું. તે સાંભળતાં જ પૂ. ગુરુદેવ, રામજીભાઈ વગેરે સૌ ત્યાં પહોંચી ગયા હતા...ને ત્યાં ઘેરા વૈરાગ્યનું વાતાવરણ છવાઈ ગયું હતું.

શ્રી પ્રેમચંદભાઈ જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના શરૂઆતથી જ ટ્રસ્ટી હતા, તેમજ જૈન અતિથિ સેવા સમિતિનું પણ તેઓ સંચાલન કરતા. અનેક વર્ષોથી તેઓ સોનગઢમાં જ રહેતા, અને તેમણે સોનગઢ સંસ્થાની ઘણા પ્રકારે સેવા કરી છે. રાણપુર મુમુક્ષુમંડળના પણ તેઓ પ્રમુખ હતા ને ત્યાંના જિનમંદિર વગેરે કાર્યોમાં તેમનો ખૂબ મહત્ત્વનો ફાળો હતો. પરિવર્તન પહેલાં પણ ઘણા વર્ષોથી તેઓ ગુરુદેવના પરિચયમાં આવેલા, ને હરેક પ્રસંગે ઘણા ભક્તિભાવપૂર્વક સેવા કરતા. ખાસ કરીને ગુરુદેવ જ્યારે વિહાર કરતા ત્યારે પોતે પગે ચાલીને સાથે ને સાથે રહેતા ને બધી વ્યવસ્થા સંભાળતા. કાને સાંભળવાની ઘણી તકલીફ છતાં તેઓ મશીન રાખીને પણ ઘણા રસપૂર્વક પ્રવચનો સાંભળતા. સ્વાધ્યાયનો પણ તેમણે ઘણો પ્રેમ હતો. તેમાંય ખાસ કરીને 'આત્મધર્મ' નું વાંચન તેમને ખૂબ પ્રિય હતું ને ફરીફરી તેનું વાંચન કર્યા જ કરતા. સ્વર્ગવાસના આઠેક દિવસ પહેલાં તો તેમણે આત્મધર્મના ૧ થી ૨૫ વર્ષ સુધીના બધા અંકોનું નવેસરથી વાંચન શરૂ કરેલું. દરેક મહિને નવો અંક વાંચીને પોતાનો પ્રમોદ વ્યક્ત કરવાનું તેઓ ચુકતા નહિ. 'આત્મધર્મના સૌથી વધુ વાંચનારા' કદાચ તેઓ હશે. સંસ્થામાં આંટીઘૂંટીનું કોઈ પણ કામ આવે તો તેઓ વ્યવહારકુશળતાથી તે ઉકેલી આપતા. તેમના સ્વર્ગવાસના બીજા દિવસે જયપુરના શેઠશ્રી પૂરણચંદજી ગોદિકાના અધ્યક્ષપદે એક શોકસભાદ્વારા તેમના પ્રત્યે સ્મરણાંજલિનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. દેવ-ગુરુની ભક્તિ, ધર્મશ્રવણનો ને સ્વાધ્યાયનો પ્રેમ-એ બધા સંસ્કારો સાથે લઈને સ્વર્ગમાં ગયેલા પ્રેમચંદભાઈનો આત્મા તે સંસ્કારોમાં આગળ વધીને રત્નત્રયરૂપ જિનમાર્ગની આરાધના વડે આ જન્મમરણોથી છૂટે એ જ ભાવના.

# વાર્ષિક સરવૈયું

## સરવૈયામાં નફો કે ખોટ ?

- એક વેપારીએ વાર્ષિક સરવૈયું કાઢયું: પાંચ લાખની મૂડીમાં વર્ષ દરમિયાન વેપારમાં એક લાખનો નફો થયો.
- તેના એક સજ્જન મિત્રે કહ્યું: ભાઈ, સરવૈયામાં તમે એક રકમ લખવી ભૂલી ગયા છો. વર્ષમાં એક લાખનો નફો તો તમે લખ્યો, પણ મોંઘા જીવનમાંથી એક વર્ષની ખોટ ગઈ- જીવનનું એક વર્ષ ઉત્તમ કાર્ય વગર ઓછું થઈ ગયું...તો જીવનમાં એકંદર લાભ થયો કે ખોટ ગઈ ? તે સરવૈયું કાઢો. એક કોર એક લાખ રૂપિયા અને બીજી કોર જીંદગીનું અમૂલ્ય આખું વર્ષ ! શેમાં નફો ?

ત્યારે વેપારીને સમજાયું કે-

**“આત્માના હિતને માટે જેટલું જીવન વીતે તેટલો જ નફો છે, ને બીજો તો બધોય ખોટનો વેપાર છે. લાખ રૂા. મેળવવા જીંદગીનું એક વર્ષ આપી દેવું પડે તેમાં નફો નથી, પણ ખોટ છે. માટે-**

“નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.”

卐

શું હજી તમે આત્મધર્મનું લવાજમ નથી ભર્યું ?

બે હજાર ઉપરાંત ગ્રાહકોએ લવાજમ ભરી દીધું ને તમે કેમ પાછળ રહી ગયા ? આજે જ લવાજમ ભરો ને આત્મધર્મદ્વારા ઘરમાં ધાર્મિકસંસ્કારોની રેલમછેલ કરો...

નીચેના સરનામે ચાર રૂપિયા મોકલો-

‘‘આત્મધર્મ” - શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,

સોનગઢ ( સૌરાષ્ટ્ર )

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય સોનગઢ ( પ્રત: ૨૫૦૦ )